સુવિચાર
સાચુ બોલવાનો એક લાભ એ છે કે તમે શું બોલ્યા હતા તે યાદ કરવું પડતું નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૧૨/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક
હરિૐ PENDAWALA
શુધ્ધ ઘી માં...
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ માગશર સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૨૯૭

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
GreenWoods
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લૉટ
• રિસૉર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતાં હુમલાઓને લઈને રોષનો માહોલ

# અમરેલી અને સાવરકુંડલા હિન્દુ સમાજ દ્વારા મૌનરેલી યોજાઈ

**સીનિયર સિટીઝન પાર્ક ખાતે સાધુ-સંતોની ઉપસ્થિતિમાં હિન્દુ સમાજની જાહેરસભા યોજાઈ**

**મૌન રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું**

**બાંગ્લાદેશમાં હિન્દુ ધર્મ સ્થાનોની સુરક્ષા વધારવા સ્વામી ચીન્મયકૃષ્ણદાસજીને મુક્ત કરવવા માંગ**

**હિન્દુઓ ઉપર અત્યાચાર બંધ ન થાય તો અન્ય કાર્યક્રમો આપવાની ચીમકી આપવામાં આવી**




અમરેલી, તા. ૫
બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર તથા તેમને બચાવવાની માંગણી સાથે અમરેલીમાં સમસ્ત હિન્દુ સમાજ ધ્વારા જાહેરસભા બાદ મૌન સાથે વિશાળ રેલી કાઢવામાં આવી હતી અને કલેકટરને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે.
અમરેલીમાં આવેલા સિનીયર સિટીઝન પાર્ક ખાતે બપોરનાં સમયે જાહેરસભા યોજવામાં આવી હતી. જેમાં જુદી જુદી સંસ્થાના સંતો, મહંતો, પૂજારીઓ વગેરે ધ્વારા બાંગ્લાદેશમાં હિન્દુ પરિવારો પર થઈ રહેલો અત્યાચાર, તેમના માનવીય અધિકારોનું હનન અને જયારે તે દેશના તમામ હિન્દુ પરિવારો બાંગ્લાદેશ છોડયા વગર ત્યાં જ રહીને પોતાના અધિકારો માટે લડી રહ્યા છે ત્યારે તેમને બળ પુરૂ પાડવા તથા ત્યાં હિન્દુ પરિવારો પર થતાં અત્યાચારો બંધ થાય, હિન્દુ ધર્મસ્થળોની સુરક્ષા વધારવા, ચીન્મયકૃષ્ણદાસજીને મુકત કરવા, પીડીતોને ન્યાય અને
**અનુસંધાન પાના ૬ ઉપર**

ભારતરત્ન, સીમ્બોલ ઓફ નોલેજ, બંધારણના ઘડવૈયા એવા
ડો. બાબાસાહેબ આંબેડકરનાં
૬૮માં પરિનિર્વાણ દિન નિમિત્તે
કોટી કોટી વંદન...
: વંદનકર્તા :
શ્રી શાંતિલાલ એમ. રાણવા
પ્રમુખ
વરૂડી સેવા સહકારી મંડળી લી.
મુ. વરૂડી (અમરપુર), તા.જી. અમરેલી.

ડો. બાબાસાહેબ આંબેડકરનાં
૬૮માં પરિનિર્વાણ દિન નિમિત્તે
કોટી કોટી વંદન...
मनुष्य नश्वर है.
उसी तरह विचार भी नश्वर हैं.
एक विचार को
प्रचार-प्रसार की जरुरत होती है,
जैसे कि एक पौधे को पानी की.
नहीं तो दोनों मुरझा कर मर जाते हैं
- बाबा साहेब आंबेडकर
શ્રી શરદભાઈ મકવાણા
પૂર્વ સદસ્ય : સા. ન્યાય સમિતિ
જી.પં. અમરેલી
દિપાલીબેન એસ. મકવાણા
ચેરમેન : સા.ન્યાય સમિતિ
ગ્રામ પંચાયત - ચાડીયા.

ડો. બાબાસાહેબ આંબેડકરનાં
૬૮માં પરિનિર્વાણ દિન નિમિત્તે
કોટી કોટી વંદન...
विचारों को पढ़कर बदलाव नही आता। विचारों पर चलकर ही बदलाव आता है।
डा० अम्बेडकर
વંદનકર્તા
શ્રી નવચેતન ડી. પરમાર -(એડવોકેટ)
શ્રી નિતીન આર. સોલંકી -(એડવોકેટ)
શ્રી જયેશભાઈ લુહાર
( અમરેલી )

ડો. બાબાસાહેબ આંબેડકરનાં
૬૮માં પરિનિર્વાણ દિન નિમિત્તે
કોટી કોટી વંદન...
जो व्यक्ति अपनी मौत को हमेशा याद रखता है, वह सदा अच्छे कार्य में लगा रहता है.
વંદનકર્તા
શ્રી જીતુભાઈ જોગદીયા
યશ કન્સ્ટ્રકશન
અમરેલી

સ્ત્રી રોગ ?
ગર્ભાશય (કોથળી) ની તકલીફ ?
રાહત દરે
દુરબીનથી ટાંકા વગરના ઓપરેશન
ડો. સંજય સોલંકી
કન્સલ્ટન્ટ ગાયનેકોલોજીસ્ટ
એન્ડ લેપ્રોસ્કોપીક સર્જન
૨૪x૭
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦. ઈમરજન્સી હેલ્પલાઈનઃ ૯૯૭૮૨ ૯૩૦૦૦

## રાજુલા ખાતે તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ પ્રશ્નોને લઈને ધરણા યોજાયા


# ખેડૂતો, શ્રમિકો, ગરીબો વિરોધી સરકારને દૂર કરવી જરૂરી

અતિવૃષ્ટિમાં ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન છતાં પણ સરકારે કોઈ આર્થિક મદદ ન કરતા નારાજગી

ઉદ્યોગપતિઓને લાભાલાભ આપતી ભાજપ સરકાર ગરીબોને કાંઈ જ આપતી નથી

મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓ પણ વિકરાળ બની

જિલ્લા કોંગી પ્રમુખ, પૂર્વ સાંસદ સહિતનાં કોંગી આગેવાનોનાં ભાજપ સરકાર પર પ્રહારો






અમરેલી, તા. ૫

જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખની ખાસ ઉપસ્થિતિમાં આજરોજ રાજુલા તાલુકા/શહેર, જાફરાબાદ તથા ખાંભા તાલુકામાં ગત ચોમાસામાં ખેડૂતોને અતિવૃષ્ટિનાં કારણે જે ભયંકર નુકસાનીનો સામનો કરવો પડયો છે તેમજ ખેતીવિષયક પ્રાણ પ્રશ્નો અને તાજેતરનાં ઈકોઝોનનાં જટીલ પ્રશ્નોનાં ઉકેલ માટે સરકાર સામે એક દિવસનાં ધરણાનો કાર્યક્રમ રાજુલા ખાતે યોજાયેલ.

આ ધરણાનાં કાર્યક્રમમાં રાજુલા વિસ્તારનાં ખેડૂતોના પ્રાણ પ્રશ્નો છેલ્લા ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકારે ટલ્લે ચડાવી અને ઉદ્યોગપતિઓને માલા-માલ કરવાની રશમ સામે આક્રોશ ભરી રજૂઆત સરકારમાં કરવા માટેનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ વિસ્તારનાં ગત ચોમાસામાં થયેલ અતિવૃષ્ટિના કારણે ખેડૂતોના પાકનો સંપૂર્ણ નાશ થયેલ હોય સરકાર ધ્વારા લેખિત/મૌખિક ખાત્રી આપેલ હોવા છતાં આજદિન સુધી નિંભર તંત્રએ કોઈ રાહતભર્યો નિર્ણય ન કરતા કોંગ્રેસ પક્ષ ધ્વારા સમગ્ર વિસ્તારના પ્રાણ પ્રશ્નો અંગે પ્રજાલક્ષી જાગૃતિ લાવવા અને બહેરી અંધ સરકારને જગાડવાનો પ્રયાસ કરેલ. આ સંદર્ભે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે આ વિસ્તારના ખેડૂતો અને કાર્યકર્તાઓને મોટી હૈયાધારણા આપી કોંગ્રેસ પક્ષ ખેડૂતો, ગરીબો અને મધ્યવર્ગના અવાજને હંમેશા પ્રાધાન્ય આપે છે. ત્યારે ખેડૂતોએ આ સરકારના કરતુતોને અને ખેડૂત વિરોધી નીતિઓને જાણી સમય આવે આવા લોકોને હવે પાઠ ભણાવી સત્તા વિમુખ કરવા પડશે ત્યારે જ ખેડૂતોના પ્રશ્નોના ઉકેલ લાવી શકાય તેમ છે તેમ કહી ઉદ્યોગપતિઓને છાવરતી આ સરકારને ચેતવણી આપી ખેડૂતોને તેમના હકક આપવા તાકીદ કરી હતી.

આ પ્રસંગે પૂર્વ સાંસદે ખેડૂત વિરોધી નીતિઓની વિસ્તૃત છણાવટ કરી ખાતર, બિયારણ, અતિવૃષ્ટિ, પાકનું ધોવાણ, ખેડૂતોને ખેતી વિષયક કાર્ડ માટે પડતી હાલાકીનો ઉલ્લેખ કરી ખેડૂત પ્રત્યે સરકારની નિરસતાને ઉજાગર કરી સરકારને આ અંગે સત્વરે કાર્યવાહી કરી રાહત આપવા માંગ કરી હતી. ખનિજ માફિયાઓ, ભુમાફિયાઓ તેમજ સરકાર અને પોલીસની રહેમ દ્રષ્ટિથી ઓનલાઈન ફ્રોડ કરતા તત્વો તથા ભ્રષ્ટાચારીઓ અને નાના-મધ્યમ વેપારીઓ ચોર લૂંટારા સમજીને ત્રાસ આપનારી આ સરકારે કાઢવાનો સમય આવી ગયો છે. ત્યારે સંગઠીત બની આવા ભ્રષ્ટ શાસકોને પાઠ ભણાવવાની જરૂર છે તેમ કહી આક્રોશ વ્યકત કર્યો હતો. જિલ્લાનાં મહત્વનાં એવા આ તાલુકાઓમાં ભુમાફિયાઓ બેફામ બની ખેડૂતો અને મધ્યમવર્ગને લૂંટી રહ્યા છે. ત્યારે તેમની સામે અવાજ ઉઠાવી કોંગ્રેસ પક્ષે હંમેશા ખેડૂતોને સાથ આપ્યો છે તેમ કહેલ.


આ સંદર્ભે જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પૂર્વ પ્રમુખ ડી.કે. રૈયાણી, આ વિસ્તારના જિલ્લા પંચાયતનાં બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન ટીકુભાઈ વરૂ, જે.ડી. કાછડ, વિરોધપક્ષના નેતા જિલ્લા પંચાયત તથા કોંગ્રેસ અગ્રણી નરેશભાઈ અધ્યારૂ, દિપકભાઈ ત્રિવેદી, રાજુભાઈ ઠાકોર, પ્રહલાદભાઈ સોલંકી, નીરૂભાઈ રાઠોડ, અબ્દુલભાઈ સેલોત, રમેશભાઈ સરપંચે કાર્યક્રમમાં હાજરી આપી અને સફળતા પૂર્વક કાર્યક્રમનું સંચાલન કરેલ. આગામી જાફરાબાદ અને રાજુલા નગરપાલિકાની ચૂંટણી સંદર્ભે શહેરી વિસ્તારોના પ્રશ્નો પ્રત્યે વિસ્તૃત જાણકારી લઈ શહેરનાં પ્રાણ પ્રશ્નો પ્રત્યે પણ આવેદનપત્ર પાઠવેલ. આ સંદર્ભે રાજુલા નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ છત્રસિંહજી ધાખડા તથા તેમના કાર્યકરો કોંગ્રેસ પક્ષનાં વિચારોમાં પુનઃ સામેલ થઈ શહેરીજનોના પ્રાણ પ્રશ્નો પ્રત્યે આક્રોશ વ્યકત કરી કોંગ્રેસ પક્ષનો ખેસ ધારણ કરી પક્ષ પ્રવેશ પ્રમુખ પ્રતાપભાઈનાં હસ્તે ધારણ કરી પક્ષને મજબુત બનાવવાનો સંકલ્પ જાહેર કર્યો હતો અને રાજુલા નગરપાલિકામાં કોંગ્રેસનું પુનઃ શાસન આવે તેવો જાહેર કોલ આપ્યો હતો.

રાજુલા વિધાનસભા વિસ્તારનાં ખાંભા તાલુકાનાં ગામડાઓમાં આગામી દિવસોમાં ઈકોઝોન લગાડવા બાબતે સરકાર વિચારણા કરી છે. ત્યારે આ વિસ્તારનાં ખેડૂતોને ખૂબ જ મોટા પ્રમાણમાં નુકસાન થઈ શકે તેમ છે અને ખેડૂત હાલ કઠીન પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. ત્યારે આવા કાયદા લગાડી અને ખેડૂતોને હેરાન કરી રહ્યા છે. તો આ વિસ્તારમાં ઈકોઝોન રદ થાય તેવી અમારી ખેડૂતો વતી માંગણી છે તેમ જિલ્લાનાં અગ્રણીઓ અને આગેવાનોએ જણાવી, આ અંગે ઉકેલ ન થતાં આગામી દિવસોમાં જલદ આંદોલન કરવાની કોંગ્રેસ પક્ષને ફરજ પડશે તેવી ચીમકી ઉચ્ચારેલ હતી. પોતાના પ્રશ્નો પ્રત્યે પડતી મુશ્કેલીમાંથી ઉગારવા માટે કોઈ નકકર કામગીરી આજસુધી થઈ નથી. ખેડૂતોને ખેતી આધારીત પોર્ટલ પ્રોસેસ વિધિમાં કાયમ મુશ્કેલી પડી રહી છે તેમાંથી તેમજ ખેતી આધારીત આ જિલ્લાને તેમજ રાજયને બચાવી ખરા અર્થમાં ખેડૂતોના હિતમાં કામ કરી રહી છે તેવું પ્રતિપાદિત કરે તેમજ આ જિલ્લાને કાયમ અન્યાય કરી મતનું રાજકારણ બંધ કરી ખરા અર્થમાં ખેડૂતોને ન્યાય આપે તેવી અમારી માંગણી છે. ઉપરોકત માંગણી સંબંધે યોગ્ય નિરાકરણ નહી આવે તો નાછુટકે ખેડૂતોને આંદોલન કરવાની ફરજ પડશે જેની ગંભીર નોંધો લેશો. આ પ્રસંગે તાલુકાનાં આગેવાનો છત્રસિંહજી ધાખડા પૂર્વ પ્રમુખ નગરપાલિકા, ભગવાનભાઈ ભીખાભાઈ વાઘ, ગાંગાભાઈ હડીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ, રવિભાઈ ધાખડા શહેર પ્રમુખ, અકિલભાઈ શેખડા, રસુલભાઈ દલ, બાલાભાઈ વાણીયા, અરવિંદભાઈ વાળા, હિતેષભાઈ સોલંકી, ઈમરાનભાઈ દલ, દલપતભાઈ ધાખડા, રફીકભાઈ મેમણ, ઈમરાનભાઈ, મારૂ, નાથાભાઈ પરમાર, દિલીપભાઈ સોજીત્રા, મુસ્તાકભાઈ ગાહા, દાદાભાઈ બારોટ, અનકભાઈ સરપંચ, ઘનશ્યામભાઈ ભાલાણા, પ્રતાપભાઈ ગઢવી, ઉમેશભાઈ કલસરીયા, ઉકાભાઈ સોલંકી, રવજીભાઈ પરમાર, ડાયાભાઈ ચૌહાણ, સીપરભાઈ ખોડાભાઈ સાખડ, યુવરાજભાઈ વરૂ યુથ કોંગ્રેસ, રાહુલાભાઈ ધાખડા, ઘનશ્યામભાઈ શેખડા, મહમદભાઈ ગોરી, ગીરધરભાઈ ઉનાગર, ભરતભાઈ વાણીયા, રમેશભાઈ કલસરીયા, હસુભાઈ પીપળીયા, ગજુભાઈ ડાભીયા, મોહનભાઈ બારૈયા, મહેનદ્રભાઈ વરૂ સહિત કોંગ્રેસ અગ્રણી અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. તેમ જિલ્લા કોંગ્રેસ સમિતિ ધ્વારા જણાવાયું છે.

### આમ આદમી પાર્ટીએ પ્રધાનમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું

## બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર થઈ રહેલ હુમલાઓનાં મુદ્દે ભારત સરકાર હસ્તક્ષેપ કરે

અમરેલી ખાતે જિલ્લા કલેકટર સમક્ષ આવેદનપત્ર રજૂ કરાયું



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટી ધ્વારા આજે જિલ્લા કલેકટર મારફત પ્રધાનમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા હુમલાઓના મુદે હસ્તક્ષેપ કરીને, બાંગ્લાદેશ ઉપર દબાણ લાવીને, કડક પગલા ભરીને બાંગ્લાદેશના હિન્દુઓને તાત્કાલિક સુરક્ષા આપવી જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, હિન્દુઓએ હંમેશા "વસુધૈવ કુટુમ્બકમ"નો સંદેશો આપીને સમગ્ર પૃથ્વીને જ પોતાનો પરિવાર ગણ્યો છે પણ બાંગ્લાદેશમાં આવા શાંતિપ્રિય હિન્દુઓ ઉપર છેલ્લા ઘણા સમયથી સતત હુમલાઓ થઈ રહ્યા છે. સામાન્ય હિન્દુ પરિવારોની સાથે સાથે પવિત્ર મંદિરો અને સાધુ-સંતો ઉપર પણ હુમલાઓ થઈ રહ્યા છે.

વધુમાં જણાવેલ છે કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર થઈ રહેલા આવા અમાનુષી અત્યાચારોને કારણે સમગ્ર વિશ્વના હિન્દુઓ તો ચિંતિત છે જ પણ સાથે સાથે સમગ્ર વિશ્વના તમામ શાંતિપ્રિય લોકો પણ દુઃખી અને ચિંતિત છે. આવી કપરી પરિસ્થિતિમાં બાંગ્લાદેશમાં વસવાટ કરી રહેલા આપણા આ હિન્દુ પરિવારોને હિન્દુ બહુમતી ધરાવતા આપણા દેશ પાસેથી ખૂબ જ આશાઓ છે.

વધુમાં જણાવેલ છે કે, આજે સમગ્ર ભારત આ મુદે ચિંતિત છે, આક્રોશિત છે અને પોતાના હિન્દુ ભાઈ-બહેનોની, સાધુ-સંતોની અને મંદિરોની સુરક્ષા માટે પ્રભુને પ્રાર્થના કરી રહ્યા છે, સરકારને વિનંતી કરી રહ્યા છે અને સડકો ઉપર આક્રોશ પણ વ્યકત કરી રહ્યા છે. ત્યારે સમગ્ર વિશ્વના હિન્દુઓ વતી અમારી આપને માંગણી છે કે આ મુદે તાત્કાલિક હસ્તક્ષેપ કરવામાં આવે, બાંગ્લાદેશ ઉપર દબાણ લાવવામાં આવે અને કડકમાં કડક પગલાં લઈને બાંગ્લાદેશના હિન્દુ પરિવારો, સાધુ-સંતો અને મંદિરોને સુરક્ષા આપવામાં આવે તેવી માંગ અંતમાં કરવામાં આવી.

### તુ બીજા સાથે લગ્ન કરીશ તો હુ દવા પી જઈશ તેમ કહીને

## ખાંભાનાં જામકા ગામનાં પ્રેમીએ તેમની પ્રેમિકા સાથે લગ્ન કરવા ધમકી આપી

યુવતીની અન્ય સાથે થયેલ સગાઈ તોડી નાખવાની ધમકી આપી

અમરેલી, તા. ૫

ખાંભા તાલુકાના જામકા ગામે રહેતા હમીરભાઈ ભુપતભાઈ બારૈયા નામના આરોપીને આજથી આશરે એક વર્ષ પહેલા તેજ ગામે રહેતી ભારતીબેન ખાટાભાઈ મકવાણા નામની યુવતી સાથે પ્રેમ સબંધ હોય અને તે સમયે આરોપીએ યુવતીના ફોટાઓ તેમના મોબાઈલ ફોનમાં પાડેલ હતા. ત્યારબાદ યુવતીના માતા પિતાએ તેમની સગાઈ પચપચીયા મુકામે કરી દીધેલ હતી. જેથી યુવતીએ આરોપીને સમજાવેલ છતાં આરોપી સમજેલ નહીં. અને તેણે યુવતિની સગાઈ તોડાવી નાખેલ હતી.

ત્યાર બાદ ફરી એક વખત યુવતીની સગાઈ તાલડા મુકામે કરતા આરોપીએ તા. ૪ના રોજ ૮ વાગ્યે યુવતિ તેમની વાડીએ જતતી હતી. તે વખતે આરોપી વાડીના આડા રસ્તે ઉભો રહીં યુવતીને અવરોધ કરી યુવતિને કહેવા લાગેલ કે તારે મારી સાથે જ લગ્ન કરવાના છે. બીજા કોઈ સાથે લગ્ન કરીશ તો હું દવા પી જઈશ, અને તારા ડેલામા બીજા કોઈની જાન નહી આવવા દઉ અને અગાઉ તારી સગાઈ તોડાવેલ છે તેમ તાલડા ગામે સગાઈ કરેલ છે તે તારા પતિને તારા ફોટા બતાવી સગાઈ તોડાવી નાખીશ'' તેવી આબરૂને હાની પહોંચાડવાના ઈરાદે ધમકી આપેલ હતી. યુવતીએ તેમની વાત તરફ ધ્યાન નહીં આપી ત્યાંથી જતા રહેતા આરોપી તેમનું મોટર સાયકહ લઈ યુવતિનો પીછો કરી યુવતિનો હાથ પકડવાનો પ્રયત્ન કરેલ હતો. અને અગાઉ પણ આરોપીએ યુવતિનો વારંવાર પીછો કરી ગુન્હો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલનાં આધારે સ્પે. કોર્ટનો ચુકાદો

## બાબરાનાં અમરાપરામાં રહેતા આરોપીએ બનાવટી દાખલાનાં આધાર સાથે તરૂણી સાથે લગ્ન કરતાં ૧૦ વર્ષની સજા

રૂપિયા ૩૨ હજારનો દંડ અને ભોગ બનનાર તરૂણીને ૪ લાખ વળતર ચુકવવા આદેશ

અમરેલી, તા. ૫

બાબરા તાલુકાના અમરાપરા ગામે આવેલ મફત પ્લોટ વિસ્તારમાં રહેતા આરોપીએ સાત વર્ષ પહેલાં એક ૧૭ વર્ષની તરૂણીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડીને લઈ જઈ તરૂણી સાથે સાથે શરીર સંબંધ બાંધી તથા તરૂણીનો જન્મ તારીખનો બનાવટી ખોટો દાખલો રાજકોટના એક મહિલા વકીલ પાસે બનાવરાવી તેમાં ખોટા સહી સિકકા કરી આરોપીએ બનાવટી દાખલાના આધારે રાજકોટથી આશરે ૧૦૦ કી.મી.ના અંતરે આવેલ પાદરીયા ગ્રામ પંચાયત ખાતે લગ્ન નોંધણી કરાવી આરોપીએ ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલા હતો. આ અંગેનો કેસ અત્રે સ્પે. પોકસો કોર્ટમાં ચાલી સરકારી વકીલની ધારધાર દલીલોને માન્ય રાખી આરોપીને ૧૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૩૨ હજારના દંડની સજાનો હુકમ કરેલ હતો. જયારે ભોગબનાર તરૂણીને રૂપિયા ૪ લાખને વળતર ચુકવવા આદેશ કર્યો હતો.

આ બનાવમાં બાબરા તાલુકાના અમરાપરા ગામે આવેલ મફત પ્લોટ વિસ્તારમાં રહેતા આરોપી મનોજ મનસુખભાઈ ડાભીએ ગત તા. ૨૨/૯/૧૭ના રાત્રીના સાડા અગીયારથી રાત્રીના અઢી વાગ્યા દરમ્યાન એક ૧૭ વર્ષની તરૂણીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.-૧૪ આર-૬૨ માં અપહરણ કરી ભગાડી લઈ ગયેલ હતો. અને આ બનાવમાં આરોપી મનોજના પિતા મનસુખભાઈ ડાભીએ તરૂણીને ભગાડવામાં મદદ કરેલ હતી.

આ બનાવમાં ભોગબનનાર તરૂણીની જન્મતારીખ ૧૮/૪/૨૦૦૦ હોય અને આ તરૂણીની ૧૮ વર્ષની પુખ્ત ઉમર થતી ન હોવાથી આરોપી મનોજ મનસુખભાઈ ડાભીએ રાજકોટના એક મહિલા વકિલને મળી અને આ મહિલા વકિલે આરોપી પાસેથી ૨૯ હજાર



એડવોકેટ મમતાબેન ત્રિવેદી

રૂપીયા લઈ અને ભોગબનનાર તરૂણીની ઉંમર પુખ્ત બતાવવા સારૂ જન્મ તારીખનો બીજો ડુપ્લીકેટ અને બનાવટી ખોટો જન્મ તારીખે દાખલો બનાવી અને આ બનાવટી દાખલામાં ભોગબનનાર તરૂણીની જન્મ તારીખ ૧૮/૪/૧૯૯૮ લખી મહિલા વકિલે અમરાપરા તલાટીમંત્રીના ખોટા સહી સિક્કા કરેલ હોય અને તે દાખલાની નકલ તથા લગ્ન નોંધણી અંગેના જરૂરી ફોર્મ ભરી નોટરી વકીલ પાસે સોગદનામું કરી આ ભોગબનનાર તરૂણીના ખોટા બનાવટી દાખલાનો સાચા દાખલા તરીકે ઉપયોગ કરી આરોપીએ જુનાગઢ જીલ્લાના પાદરીયા ગ્રામ પંચાયતમાં તલાટી મંત્રી પાસે લગ્ન નોંધણી કરી લગ્ન સર્ટી મેળવેલ હતું. આ બનાવમાં આરોપી મનોજ મનસુખભાઈ ડાભીએ તરૂણીની ઈચ્છાથી તેણી સાથે અવાર નવાર શરીર સંબંધ બાધેલ હતો.

આ અંગેનો કેસ અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારધાર દલીલોને માન્ય રાખી સ્પે. જજ ડી.એસ. વાસ્તવ દ્વારા આરોપી મનોજ મનસુખભાઈ ડાભીને આઈ.પીસી. કલમ ૩૬૩, ૩૬૬ના ગુન્હામાં ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજારનો દંડ, પોકસો એકટ કલમ ૪, ૮, ૧૮ તથા આઈ.પી.સી. કલમ ૩૭૬ માં ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજારનો દંડ, આઈ.પી.સી. કલમ ૪૬૫, ૪૭૧ માં ૨ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨ હજારનો દંડ તથા આઈ.પી.સી. કલમ ૪૬૭, ૪૭૧ ના ગુન્હામાં ૧૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજારનો દંડની સજાનો હુકમ કરેલ હતો. જયારે ભોગબનાર તરૂણીને રૂપિયા ૪ લાખને વળતર ચુકવવા આદેશ કર્યો હતો.

### વેપારી મહામંડળ અને તાલુકા પંચાયતના વિપક્ષી નેતા દ્વારા

## કુંકાવાવની સરકારી હોસ્પિટલના ડાયાલીસીસ વિભાગમાં ઘટતી સુવિધા પૂરી પાડવા માંગ

આરોગ્ય મંત્રીને પત્ર પાઠવીને રજૂઆત કરાઈ

કુંકાવાવ, તા. ૬

કુંકાવાવની તાલુકા મથકની સીએસસી હોસ્પિટલના ડાયાલીસીસ વિભાગમાં જરૂરી ઈલેકટ્રોનીક વસ્તુઓની જરૂરીયાત પૂરી પાડવા રજૂઆત કરવામાં આવી જેમાં એમસીબી જનરેટરની પાવર, નાનુ મોટુ લેબટ વર્ક PIUના કામકાજ જેવી સુવિધા તાત્કાલીમ પૂરી પાડવામાં આવે તેવી લેખીતમાં મનસુખભાઈ ગોંડલીયા દ્વારા આરોગ્ય મંત્રી તેમજ આરોગ્ય વિભાગને તાલુકા મથકની હોસ્પિટલમાં ઘટતી સુવિધા વહેલી તકે પુરા પાડવા રજૂઆત કરવામાં આવી છે.

### દેશનાં ગૌરવસમા સિંહોને ખલેલ પહોંચાડવી ગુન્હો છે

## લીલીયા : અંટાળીયા માર્ગ ઉપરથી પસાર થતા સિંહો નજીક બસ લઈ જનાર ૨ ઈસમો ઝડપાયા

સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં વિડીયોથી વનતંત્ર સક્રીય

લીલીયા, તા. ૫

તાજેતરમાં લીલીયાથી અંટાળીયા રોડ ઉપર વન્યપ્રાણી સિંહ નું ગ્રુપ રોડ ક્રોસ કરી રહ્યું હતું, તે સમયે હિંમત ટ્રાવેલ્સ બસ પસાર થઈ અને આ લકઝરી બસ સિંહોની નજીક લઈ ગયેલ અને જેનો સોસીયલ મીડિયામાં વિડીયો વાયરલ થતા શેત્રુજી વન્યજીવ વિભાગ ના ડીસીએફ દ્વારા વિડીયોની તપાસના આદેશ કરતા લીલીયા વન વિભાગ દ્વારા બસ ના ડ્રાઈવર (૧) ઈકબાલ એહમદ પરમાર (૨) પઠાણ ફૈઝાન ને અટક કરી વધુ તપાસ હાથ ધરેલ છે. તે મનોજ જોશીની અખબારી યાદીમાં જણાવેલ છે.



## પાલિકા અને ટ્રાફિક વિભાગ કુંભકર્ણ કરતાં પણ વધારે ગાઢ નિંદ્રામાં પોઢી ગયા

# સબ ભૂમિ ગોપાલ કી : અમરેલીમાં મનફાવે ત્યાં દબાણ કરો કોઈ પુછતું નથી

**શહેરનાં લાયબ્રેરી રોડ, હરિરોડ, ખાદી ભવન નજીક, ગાંધીબાગની ફૂટપાથ, માર્કેટયાર્ડ રોડ સહિતનાં વિસ્તારોમાં બેકાબુ સમસ્યા**

**નાગનાથ બસ સ્ટેન્ડ ચોકમાં ખાનગી વાહનોની જોહુકમી સામાન્ય રકમની હપ્તાબાજીથી ફુલીફાલી**

**એલઆરડી જવાનો મોબાઈલમાં વ્યસ્ત હોવા છતાં ઉચ્ચ અધિકારીઓ કોઈ કાર્યવાહી કરતા નથી**

**શહેરમાં આડેધડ પાર્ક થતાં વાહનોનાં ચાલકો સામે પણ ટ્રાફિક પોલીસ કામગીરી કરતી નથી**



અમરેલી, તા. ૫

અમરેલી શહેરમાં દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે છતાં પાલિકા અને ટ્રાફિક વિભાગનાં કર્મચારીઓની કુંભકર્ણસમી નિંદ્રા ઉડતી નથી. ઉચ્ચ અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ પણ સ્વવિકાસમાં વ્યસ્ત હોવાથી તેઓને શહેરીજનોની વ્યથા નજરે પડતી નથી.

અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડ ચોકમાં ખાનગી વાહનોની જોહુકમી સામાન્ય હપ્તાબાજીનાં કારણે સતત વધી રહી છે. નાગનાથ બસ સ્ટેન્ડ ઉપર ખાનગી વાહનોમાં સૌપ્રથમ મુસાફરો બેસે બાદમાં એસ.ટી. બસને મુસાફરો મળે છે. બસ સ્ટેન્ડની આજુબાજુનાં ૧૦૦ મીટરમાં ખાનગી વાહનોને ઉભા રાખવાની મનાઈ હોવા છતાં ખાનગી વાહનોનો જમેલો થતાં નાગનાથ મંદિર નજીક અવારનવાર ટ્રાફિક સમસ્યા ઉભી થાય છે.

તદુઉપરાંત લાયબ્રેરી ચોક, રામજી મંદિર રોડ, હરિરોડ, ભીડભંજન ચોક, જુના માર્કેટયાર્ડ રોડ, ગાંધીબાગ નજીકની ફૂટપાથ, પોસ્ટ ઓફિસ પાછળનો માર્ગ સહિતનાં વિસ્તારોમાં ફૂટપાથ ઉપર જાહેર માર્ગ ઉપર રેંકડીઓ, કેબિનો કે દુકાનોનો સરસામાન ખડકી દેવામાં આવતાં શહેરીજનોને પગપાળા કે ટુ-વ્હીલરમાં પસાર થવામાં મુશ્કેલી થઈ રહી છે.

ટ્રાફિક સમસ્યાનાં નિવારણ માટે એલઆરડી જવાનોની નિમણુંક કરવામાં આવી છે પરંતુ તેઓ ફરજ દરમિયાન મોબાઈલમાં વ્યસ્ત જોવા મળે છે. તો પાલિકાનાં કર્મચારીઓને દબાણ હટાવવાની પ્રક્રિયા જ ભુલાઈ ગઈ હોય અમરેલીનાં યુવા ધારાસભ્ય તેમજ સાંસદે શહેરમાં આકસ્મિક પદયાત્રા કાઢીને શહેરમાં વિકરાળ બનેલ ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

### આજનાં યુવાનો લગ્નના નામે ફસાઈ રહયા છે

## અમરેલીનાં વેપારી યુવક સાથે લુંટેરી દુલ્હન અને તેમની ટીમે ૪.૫૪ લાખની છેતરપીંડી કરી

### બે મહિલા સહિત પાંચ સામે ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૫

સ્ત્રી જન્મદરનો સતત ઘટાડો તેમજ દીકરીના વાલી ની ઊંચી ડિમાંડ ના કારણે આજના યુવાનો વિવાહથી વંચિત રહેતા લેભાગું તત્વો દ્વારાઆવાયુવાનોનેશિશામાંઉતારવાની વધુ એક ઘટના લૂંટેરી દુલ્હન રૂપે અમરેલીમા સામે આવેલ હતી.

અમરેલીના એક વેપારી યુવાનના લગ્ન થતા ન હોવાના કારણે ભરૂચની માતા પુત્રી તેમજ અન્ય ત્રણ શખ્સો સહિત પાંચની ચીટર ગેંગ સાથેલગ્ન ની લાલચમાં સપડાય ગયેલ હતો. જય અરવિંદભાઈ પરમાર, ૨૬ રે. કંસારાબજાર વેપારી યુવાને અમરેલી સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા જણાવેલ હતું કે સુનિલ પટેલ જીતેન્દ્ર પટેલ કેશુ પટેલ દીપિકા નામની યુવતી તેમજ તેમની માતા રે. તમામ ભરૂચ સહિત પાંચ શખ્સ અમરેલી ચાંદની ચોકમાં આવેલ હસનેન મેરેજ બ્યુરો મારફતલગ્ન માટે પોતેસંપર્કમાઆવેલ હતો.આ પાંચેયશખ્સોએદીપિકાનામની કન્યા બતાવેલ હતી.જે કન્યા વેપારી યુવાનને પસંદ પડતા યુવાને લગ્ન કરવાનીહાપાડેલહતી.યુવતીસાથેલગ્ન કરવા રૂ ૪.૫૧ લાખ અને એક મોબાઈલની માંગણી કરવામાં આવેલ હતી. વેપારી યુવાને રૂા.૪૫૧૪૦૦ રોકડા અને રૂા. ૩૦૦૦ નો મોબાઈલ આપેલ હતો.

દીપિકા નામની યુવતી સાથે લગ્ન કરી પોતાની સાથે ઘરે મોકલવાનુ નક્કી થયેલ હતું.

પરંતુ યુવતી યુવાનના ઘરે આવેલ ન હતી તેથી યુવાન ચીટર ગેંગ સાથે છેતરાયો હોવાનું માલુમ પડતા પાંચેય શખ્સો સામે અમરેલી સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

### પત્ની અને પાંચ-પાંચ સંતાનો નિરાધાર બન્યા

## દામનગરમાં શ્રમિક યુવકને સુતા-સુતા મોં માં ફીણ આવી જવાથી મોતને ભેટયો

### પરપ્રાંતિય શ્રમિકની વિદાયથી અરેરાટી

અમરેલી, તા. ૫

મુળમધ્યપ્રદેશનાવતનીઅને હાલ દામનગર ગામે કુંભનાથ મંદીરની બાજુમાં મનસુખભાઈ શામજીભાઈ નારોલાની વાડીએ રહેતા પરબતભાઈ મનુભાઈ બામનીયા નામના ૨૭ વર્ષિય યુવકના પત્નિ તથા પાંચેય સંતાનો ગત તા. ૧/ના સવારના આશરે ૭ વાગ્યાથી બપોરના આશરે સાડા બારેક વાગ્યા દરમ્યાન વાડીએ મજુરી કામે ગયેલ હોય, અને યુવકની તબીયત સારી ન હોવાથી વાડીએ મકાનમાં સુતા હોય તેમની પત્નિ બપોરે જમવા માટે બોલાવવા જતા યુવક સુતા હોય અને મોઢા માંથી ફીણ નીકળતા હોય અને કાંઈ બોલી શકતા ન હોય જેથી યુવકને પ્રથમ દામનગર સી.એચ.સી. ખાતે લઈ ગયેલ અને વધુ સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પીટલમા દાખલ કરતા સારવાર દરમ્યાન કોઈ અગમ્ય કારણસર પરબતભાઈ મનુભાઈ બામનીયા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

























### ઈસરોએ ફરી એક વાર ઈતિહાસ રચી દીધો

# યૂરોપીય સ્પેસ એજન્સીના PROBA-3 મિશનનું સફળ લોન્ચિંગ કરાયું

**ગુરુવારે શ્રીહરિકોટા સતીશ ધવન સ્પેસ સેન્ટરથી PROBA-3 મિશનને સફળતાપૂર્વક અંતરિક્ષની કક્ષામાં પ્રસ્થાપિત કરી દેવામાં આવ્યું હતું**

નવી દિલ્હી, તા.૫

ઈંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન એટલે કે ઈસરોએ ફરી એક વાર ઈતિહાસ રચી દીધો છે. ઈસરોએ યૂરોપીય સ્પેસ એજન્સીના PROBA-3 મિશનને સફળતાપૂર્વક લોન્ચ કરી દીધું છે. PSLV-C59 લોન્ચ વ્હીકલની મદદથી આ મિશનને ઓરબિટમાં સ્થાપિત કર્યું છે. તેની સાથે બે સ્પેસક્રાફ્ટને સ્પેસમાં મોકલવામાં આવ્યા છે. ઈસરોએ મિશનના લોન્ચિંગને સફળ ગણાવતા કહ્યું કે, આ એનએસઆઈએલ,ઈએસએ અને ઈસરોની ટીમના સંયુક્ત પ્રયાસ અને સમર્પણને દર્શાવે છે. ESA ના PROBA-3 મિશનને બુધવારે જ લોન્ચ કરવાનું હતું, પણ લોન્ચ વ્હીકલમાં ટેકનિકલી ખરાબી આવવાના કારણે તેનું લોન્ચિંગ ટાળી દેવામાં આવ્યું હતું. હવે ગુરુવારે શ્રીહરિકોટા સતીશ ધવન સ્પેસ સેન્ટરથી PROBA-3 મિશનને સફળતાપૂર્વક અંતરિક્ષની કક્ષામાં પ્રસ્થાપિત કરી દેવામાં આવ્યું છે. પ્રોબો-૩ મિશન સાથે બે ખાસ સ્પેસક્રાફ્ટને પણ લોન્ચ કરવામાં આવ્યા છે. જેના દ્વારા સ્પેસ રિસર્ચ સાથે જોડાયેલી મહત્વપૂર્ણ ગતિવિધિઓને પાર પાડવામાં આવશે. ઈસરો અને યૂરોપિય સ્પેસ એજન્સીનો આ સંયુક્ત પ્રયાસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના ક્ષેત્રમાં માઈલ સ્ટોન સાબિત થઈ શકશે.ઈસરો અને યૂરોપીય સ્પેસ એજન્સીનું PROBA-3 મિશન ખૂબ ખાસ છે. હકીકતમાં જોઈએ તો, PSLV-C59ની મદદથી પ્રોબા-૩ મિશન સાથે બે સ્પેશિયલ સ્પેસક્રાફ્ટને પણ અંતરિક્ષમાં મોકલવામાં આવ્યું છે. કોરોનાગ્રાફ સ્પેસક્રાફ્ટ અને ઓક્યુલ્ટર સ્પેસક્રાફ્ટની મદદથી અંતરિક્ષમાં રિસર્ચને પ્રોત્સાહન મળશે. આ લોન્ચિંગથી ભારતના સોલર મિશનને નવી દિશા મળવાની આશા છે. દુનિયાના તમામ દેશ સૂર્યનું અધ્યયન કરવાની કોશિશમાં લાગેલા છે. તેમાં અમેરિકાની નાસા પણ સામેલ છે. આ સૌની વચ્ચે ઈસરોએ યૂરોપીય સ્પેસ એજન્સી સાથે મળીને સોલર મિશનને આગળ વધારવાની દિશામાં પ્રોબા-૩ મિશનને લોન્ચ કર્યું છે.

### આસામ રાજ્યના મુખ્યમંત્રીની મોટી જાહેરાત

# રાજ્યભરમાં ગૌમાંસ વેચવા કે રાખવા ઉપર પ્રતિબંધ લગાવ્યો

**ત્રણ વર્ષ અગાઉ ગૌ હત્યા રોકવાના કાયદાથી મળી સફળતા**

દીસપુર, તા. ૫

આસામમાં બીફ પર પ્રતિબંધ લાદવાની જાહેરાત મુખ્યમંત્રી હેમંતા બિસ્વા સરમા દ્વારા કરવામાં આવી હતી. જેને પગલે સમગ્ર રાજ્યમાં હવેથી ગૌમાંસ રાખવા કે વેચવા પર પ્રતિબંધ રહેશે અને રાજ્યના તમામ રેસ્ટોરંટ અને હોટેલોમાં હાલ ગૌમાંસ વેચવામાં નથી આવી રહ્યું.

આસામના મુખ્યમંત્રી હેમંતા બિસ્વા સરમાએ કહ્યું હતું કે અમે આસામમાં ગૌહત્યા રોકવા માટે ત્રણ વર્ષ પહેલા જ કાયદો લાવ્યા હતા. આ કાયદાથી ગૌહત્યા રોકવામાં ઘણી સફળતા મળી છે. હવે અમે નિર્ણય લીધો છે કે આસામના કોઈ પણ રેસ્ટોરંટ કે હોટેલમાં ગૌમાંસ નહીં વેચી શકાય. એટલુ જ નહીં જાહેર સ્થળો કે લગ્ન સહિતના સમારોહમાં પણ ગૌમાંસ નહીં પિરસી શકાય. અગાઉ આસામમાં મંદિરોની આસપાસ ગૌમાંસ વેચવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો, જેને હવે સમગ્ર રાજ્યમાં લાગુ કરી દેવામાં આવ્યો છે. આ પ્રતિબંધ બાદ આસામ સરકારના મંત્રી પીજૂષ હઝારિકાએ કહ્યું હતું કે જે પણ લોકોને ગૌમાંસ વેચવા પર લગાવાયેલો આ પ્રતિબંધ પસંદ ના હોય તેઓ પાકિસ્તાન જતા રહે. હું આસામમાં કોંગ્રેસને પડકાર ફેંકુ છું કે કાં તો તેઓ સરકારના આ નિર્ણયનું સ્વાગત કરે અથવા તો પાકિસ્તાન જતા રહે. તાજેતરમાં આસામમાં પણ પેટા ચૂંટણી યોજાઈ હતી, જેમાં ભાજપની જીત પર કોંગ્રેસે આરોપો લગાવ્યા હતા અને દાવો કર્યો હતો કે ભાજપે મતદારોને બીફ પાર્ટી આપીને લુભાવીને તેમના મત લીધા છે. જેને પગલે આસામના મંત્રીએ આ આરોપો લગાવ્યા હતા.

### કાર્તિ ચિદમ્બરમે ભાજપ સરકારની કરી ટીકા

# સિબિલ સ્કોરના ચક્કરમાં સામાન્ય લોકો થઇ રહ્યા છે હેરાન : કોંગ્રેસ

**ક્રેડિટ સ્કોર ૩૦૦થી ૯૦૦ પોઈન્ટ અને સિબિલ સ્કોર ૭૦૦થી ઉપરનો હોય તો તે શ્રેષ્ઠ સ્કોર ગણાય**

નવી દિલ્હી, તા.૫

કોંગ્રેસ સાંસદ કાર્તિ ચિદમ્બરમે બેંક દ્વારા આપવામાં આવેલી લોનને લઈને મોદી સરકારની આકરી ટીકા કરી હતી. સાંસદે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સિબિલ સ્કોર સંબંધિત છ નિયમોનો મુદ્દો બનાવીને સરકારને ઘેરી હતી, જે લોનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નોંધનીય છે કે, આ નિયમો આવતા વર્ષ ૨૦૨૫થી લાગુ થવા જઈ રહ્યા છે. કોંગ્રેસ નેતાએ કહ્યું હતુ કે, 'સામાન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે.' સંસદના ચાલુ શિયાળુ સત્ર દરમિયાન કોંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમે બેંકિંગ કાયદા બિલ ૨૦૨૪ પર સરકારને ઘેરી હતી. તેમણે કહ્યું કે, 'આજે જો તમે બેંકમાં લોન લેવા જાઓ છો, તો તમને સિબિલ સ્કોર બતાવ્યા પછી જ પાછા મોકલવામાં આવે છે. સિબિલ સ્કોર અપડેટ કરતી સંસ્થા ખૂબ જ ધીમી ગતિએ કામ કરી રહી છે અને તેના કારણે સામાન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે.' કોંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમે જણાવ્યું હતું કે, 'સિબિલ સ્કોર અપડેટ કરવાનું કામ એક ખાનગી સંસ્થાના હાથમાં છે અને તે દેશના ૬૦ કરોડથી વધુ લોકોની ક્રેડિટ હિસ્ટ્રીને ટ્રેક કરીને રેટિંગ આપવાનું કામ કરી રહી છે. પરંતુ આ બધુ પારદર્શિતા વગર કરવામાં આવી રહ્યું છે, તેની અસર એ છે કે સિબિલના કારણે મોટા ભાગના જરૂરિયાતમંદ લોકોને આર્થિક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે અને તેમને લોન મેળવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.' પહેલા એ જાણવું જરૂરી છે કે, CIBIL સ્કોર શું છે અને કોઈપણ બેંકમાંથી લોન મેળવવી શા માટે મહત્ત્વપૂર્ણ છે? આજના સમયમાં મોટા ભાગના લોકોને લોન લેવાની જરૂર હોય છે અથવા અન્ય, પછી તે નવું ઘર ખરીદવા માટે હોય કે પછી તેમના બાળકના ભણતર માટે હોય કે લગ્ન માટે. આવી પરિસ્થિતિઓમાં, લોકો બેંક તરફ વળે છે અને લોન માટે અરજી કરે છે. પરંતુ એ જરૂરી નથી કે તમામ અરજદારોને લોન મંજૂર થઈ જાય.સિબિલ સ્કોર અથવા ક્રેડિટ સ્કોર બેંક લોન પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને આ ડેટા તમારી લોન મંજૂર કરાવવાનું મુખ્ય માધ્યમ છે. જો તે સાચું છે, તો બેંક તમને લોન આપવામાં સમય લેશે નહીં. પરંતુ જો તેને નુકસાન થાય છે, તો લોન અટકી શકે છે. સિબિલ સ્કોરના ડેટા દ્વારા બેંક શોધી કાઢે છે કે તમે લીધેલી લોનની ચુકવણી કરવામાં સક્ષમ છો અને તેને પરત કરવામાં વિલંબ કરશો નહીં. એટલે કે, તે એક પરિબળ છે જે તમને લોન આપવા માટે બેંકોને વિશ્વાસ આપે છે. સામાન્ય રીતે, જો આપણે બેંકો દ્વારા નિર્ધારિત ધોરણો પર નજર કરીએ તો, કોઈપણ વ્યક્તિનો ક્રેડિટ સ્કોર ૩૦૦થી ૯૦૦ પોઈન્ટની વચ્ચે હોય છે અને સિબિલ સ્કોર ૭૦૦થી ઉપરનો હોય તો તે શ્રેષ્ઠ સ્કોર ગણાય છે.

### રાહુલ ગાંધી દેશદ્રોહી છે : ભાજપ

# રાહુલ ગાંધી દેશ વિરોધી હોવાનો ગંભીર આરોપ

**કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને અન્ય વ્યક્તિઓ વચ્ચેની વાતચીતમાં કાયમ ભારત વિરોધી વિચારો વ્યક્ત થાય છે**

નવી દિલ્હી, તા. ૫

રાહુલ ગાંધી દેશ વિરોધી હોવાનો ગંભીર આરોપ આજે ભારતીય જનતા પાર્ટીએ લગાવ્યો હતો. આજે ગુરુવારે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા ભાજપના પ્રવક્તા અને સાસંદ સંબિત પાત્રાએ રાહુલ ગાંધીને “સર્વોચ્ચ રાષ્ટ્ર વિરોધી” ગણાવ્યા હતા. પાત્રાએ આક્ષેપ કર્યો કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને અન્ય વ્યક્તિઓ વચ્ચેની વાતચીતમાં કાયમ ભારત વિરોધ વિચારો વ્યક્ત થાય છે. ભાજપ સાંસદ અને પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું કે, એક એવી ત્રેખડ છે જે ભારત વિરોધી કાવતરાં કરે છે. આ ત્રેખડમાં એક તરફ અમેરિકાસ્થિત જ્યોર્જ સોરોસ, તેનું ફાઉન્ડેશન તેમજ કેટલીક અમેરિકન એજન્સીઓ છે અને તેમાં સૌથી અગત્યની વાત એ છે કે આ ત્રેખડમાં રાહુલ ગાંધી “સર્વોચ્ચ રાષ્ટ્ર વિરોધી” વ્યક્તિ છે, તેમ ભાજપ નેતાએ કહ્યું હતું.

“મીડિયાપાર્ટ”ના એક અહેવાલને ટાંકીને સંબિત પાત્રાએ કહ્યું કે એક વૈશ્વિક મીડિયા એજન્સી છે જેને જ્યોર્જ સોરોસની ઓપન સોસાયટી ફાઉન્ડેશન દ્વારા ભંડોળ મળે છે અને એ એજન્સી તેને ભંડોળ આપનાર લોકોના હિતમાં કામગીરી કરે છે. તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા ભારતને બદનામ કરવા માટેના અહેવાલો ટાંકવામાં આવ્યા હોવાનાં ઉદાહરણ પણ આપ્યાં હતાં. તેમણે કહ્યું કે, જુલાઈ ૨૦૨૧માં વૈશ્વિક સ્તરે કોવિડની અસર હતી ત્યારે એક લેખ પ્રકાશિત કર્યો હતો કે, બ્રાઝિલે ભારતની કોવેક્સિન કોવિડ-૧૯ વેક્સિનનો ૩૨૪ મિલિયન ડૉલરનો કોન્ટ્રેક્ટ રદ કરી દીધો. આ રીતે દેશની પ્રતિષ્ઠાને ભારે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થયો હતો.

આ અહેવાલ પ્રકાશિત થયા પછી તરત જ ભારતમાં કોંગ્રેસ પાર્ટીએ પત્રકાર પરિષદ યોજીને ભારત સરકાર ઉપર તેમજ ભારતની વેક્સિન ઉપર પ્રહારો કર્યા હતા. તેમ રાહુલ ગાંધી બોલે છે, તેમ ભાજપના સાંસદે જણાવ્યું હતું.

### પંજાબમાં પૂર્વ ઉપમુખ્યમંત્રી પર ગોળીબારનો મામલો

# પૂર્વ ઉપમુખ્યમંત્રી પર ગોળીબાર કરનાર પૂર્વ ખાલિસ્તાની આતંકવાદી નીકળ્યો

**ગોળી ચલાવી હત્યાનો કર્યો હતો પ્રયાસ : સુખબીરસિંહની સુરક્ષા માટે તૈનાત રહેલા પોલીસે બચાવી લીધો જીવ**

અમૃતસર, તા. ૫

પંજાબના પૂર્વ ઉપમુખ્યમંત્રી અને અકાળી દળના વરીષ્ઠ નેતા સુખબિરસિંહ બાદલ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બાદલ અમૃતસરમાં ગોલ્ડન ટેમ્પલમાં અકાલ તખ્તે આપેલી સજા ભોગવી રહ્યા છે. તેઓ દરબાર સાહિબના ગેટ પાસે સુરક્ષા જવાનોની સાથે પોતાની વ્હીલચેર પર બેઠા હતા ત્યારે પૂર્વ ખાલિસ્તાની આતંકીએ તેની ગોળી ચલાવી હત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે બાદલની સુરક્ષામાં તૈનાત બહાદૂર પોલીસ જવાનોએ આ હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો અને હુમલાખોરે સ્થળ પરથી ખસેડી દીધો હતો. આ દરમિયાન જોકે ગોળીબાર થયો હતો જેમાં કોઈ જાનહાની નથી થઈ.

પંજાબના પૂર્વ ઉપમુખ્યમંત્રી સુખબીરસિંહ બાદલ અમૃતસરમાં ગોલ્ડન ટેમ્પલમાં ધાર્મિક સજા કાપી રહ્યા છે. તેઓ આ સજાના ભાગરૂપે મુખ્ય દરવાજા પર સુરક્ષા આપી રહ્યા હતા ત્યારે તેમના પર જીવલેણ હુમલો થયો હતો. નારાણયસિંહ ચૌરા નામના પૂર્વ ખાલિસ્તાની આતંકીએ તેના પર ગોળીબારનો પ્રયાસ કર્યો હતો. આ સમયે સુખબીરસિંહની સુરક્ષા માટે તૈનાત અસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર જસબીરસિંહને હુમલાનો અંદાજો આવી ગયો હતો. જેવો નારાયણસિંહ પોતાની પાસે રહેલી પિસ્તોલ કાઢીને ગોળીબાર કરવા ગયો કે તુરંત જ જસબીરસિંહે તેના હાથ પકડી લીધા હતા અને ઉપર કરી દીધા હતા. જેને પગલે હવામાં ગોળીબાર થયો હતો અને મોટી ઘાત ટળી હતી. આ હુમલા બાદ રાજ્યના સ્પેશિયલ ડાયરેક્ટર જનરલ અર્પિત શુક્લાએ જણાવ્યું હતું કે હુમલાખોર નારાયણ સામે ૨૦થી વધુ ગુનાહિત કેસો દાખલ થયા હતા. ૨૦૦૪માં બુરાઈ જેલ તોડવામાં પણ તેનો હાથ હતો, જેમાં જગતાર અને પરમજીત નામના બે આતંકીઓ ભાગી ગયા હતા. અન્ય એક રિપોર્ટ અનુસાર હુમલાખોર નારાયણ ચૌરા પ્રતિબંધિત સંગઠન બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથે જોડાયેલો છે. તે ૧૯૮૪માં પાકિસ્તાન ગયો હતો અને ખાલિસ્તાની આતંકવાદના શરૂઆતના તબક્કામાં પંજાબમાં હથિયારો અને વિસ્ફોટકોની મોટી તસ્કરીમાં પણ તેનો હાથ હતો.

પાકિસ્તાનમાં રહીને તેણે ગુરિલ્લા યુદ્ધ અને દેશદ્રોહી પર એક પુસ્તક પણ લખ્યું હતું. તે પંજાબની જેલમાં સજા પણ કાપી ચુક્યો છે. નારાયણસિંહ ચૌરાને ૨૦૧૩માં તરણતારન જિલ્લાના જલાલાબાદ ગાંવથી ઝડપી લેવાયો હતો, તેની સામે આરોપ છે કે તેણે વર્ષ ૨૦૧૦માં અમૃતસરમાં સિવિલ લાઈંસ પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટ કર્યો હતો. તે તરણતારન અને રોપડ જિલ્લામાં યુએપીએમાં વોન્ટેડ પણ હતો. જોકે તેને વર્ષ ૨૦૧૮માં જામીન પર છોડી મુકવામાં આવ્યો હતો. તે પૂર્વ મુખ્યમંત્રી બેઅંતસિંહના હત્યારાઓને જેલમાં મળી ચુક્યો છે અને ખાલિસ્તાન પર પુસ્તક લખીને પંજાબના યુવાઓને ભડકાવવાનો પ્રયાસ પણ કરી ચુક્યો છે.

### કેજરીવાલને પત્ર લખી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી

# દિલ્હી વિધાનસભાના સ્પીકર રામનિવાસ ગોયલની રાજકારણમાંથી સન્યાસ લેવાની જાહેરાત

**હું નિવૃત થયા બાદ પણ મારા તન, મન અને ધનથી આમ આદમી પાર્ટીની સેવા કરતો રહીશ : રામનિવાસ ગોયલ**

નવી દિલ્હી, તા.૫

દિલ્હી સરકારમાંથી મોટા અને મહત્વના સમાચાર સામે આવ્યા છે. દિલ્હી વિધાનસભાના સ્પીકર રામનિવાસ ગોયલની રાજકારણમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી છે. આ અંગે તેમણે આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલને પત્ર લખ્યો છે અને પોતાની વધતી ઉંમરને ટાંકીને રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. પત્રમાં તેમણે લખ્યું કે,'હવે ઉંમરના કારણે ચૂંટણીના રાજકારણથી દૂર રહેવા માગુ છું, પરંતુ પાર્ટીની સેવા કરવાનું ચાલુ રાખશે.'કેજરીવાલને લખેલા પત્રમાં રામ નિવાસ ગોયલે લખ્યું છે કે, 'હું તમને નમ્રતાપૂર્વક જણાવવા માંગુ છું કે છેલ્લા ૧૦ વર્ષથી મેં શાહદરા વિધાનસભાના ધારાસભ્ય અને સ્પીકર તરીકે મારી ફરજો કુશળતાપૂર્વક નિભાવી છે. તમે હંમેશા મને ઘણું સન્માન આપ્યું છે જેના માટે હું હંમેશા તમારો આભારી રહીશ. પાર્ટી અને તમામ ધારાસભ્યોએ પણ મને ઘણું સન્માન આપ્યું છે, આ માટે હું દરેકનો આભાર વ્યક્ત કરું છું. મારી ઉંમરને કારણે હું ચૂંટણીના રાજકારણથી દૂર રહેવા માંગુ છું. હું તમને ખાતરી આપું છું કે હું મારા તન, મન અને ધનથી આમ આદમી પાર્ટીની સેવા કરતો રહીશ. તમે મને જે પણ જવાબદારી સોંપશો તે હું નિભાવવાનો પ્રયત્ન કરીશ.' ઉલ્લેખનીય છે કે, રામનિવાસ ગોયલ લાંબા સમયથી રાજકારણમાં છે. ૧૯૯૩માં તેઓ ભાજપની ટિકિટ પર શાહદરા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. બાદમાં જ્યારે આમ આદમી પાર્ટી અસ્તિત્વમાં આવી ત્યારે તેઓ તેમાં જોડાયા. આ પછી તેઓ છેલ્લી બે ચૂંટણીઓમાં સતત જીત્યા અને પછી વિધાનસભાના સ્પીકર બન્યા.

### પ્લેસ ઓફ વર્શીપ એક્ટ વિરુદ્ધ અરજી દાખલ

# મંદિરો વિરોધી ૧૯૯૧નો કાયદો રદ કરવા સુપ્રીમ કોર્ટમાં અપીલ

**આ અરજી દાખલ કરનાર એડવોકેટ વિષ્ણુ શંકર જૈને કહ્યું કે અમે આ કાયદાની બંધારણીય માન્યતાને પડકારી છે**

નવી દિલ્હી, તા. ૫

સુપ્રીમ કોર્ટમાં ૧૯૯૧ના પ્લેસ ઓફ વર્શીપ એક્ટ વિરુદ્ધ અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજી દાખલ કરનાર એડવોકેટ વિષ્ણુ શંકર જૈને કહ્યું કે અમે આ કાયદાની બંધારણીય માન્યતાને પડકારી છે. તેમણે કહ્યું કે જમીયત-ઉલેમા-એ-હિંદ અને કેટલાક અન્ય લોકો વતી આ કાયદા વિશે કહેવામાં આવે છે કે આ અંતર્ગત તમે રામ મંદિર સિવાય અન્ય કોઈ કેસમાં કોર્ટનો સંપર્ક કરી શકતા નથી, આ ખોટું છે.

મહત્વની વાત એ છે કે આ કાયદા હેઠળ કટ ઓફ ડેટ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ રાખવામાં આવી છે. પરંતુ તે ૭૧૨ એડી હોવું જોઈએ. તેમણે કહ્યું કે મોહમ્મદ બિન કાસિમે ૭૧૨માં હુમલો કર્યો હતો. ત્યારપછી હુમલા ચાલુ રહ્યા અને મંદિરો તોડી પાડવામાં આવ્યા હતા તેથી, જો કોઈ તારીખ નક્કી કરવી હોય તો તે ૭૧૨ ની હોઈ શકે છે, જેના પછી ધાર્મિક સ્થળોને તોડી પાડવામાં આવ્યા હતા.તારીખ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ નક્કી કરવી એ ગેરબંધારણીય છે. જૈને કહ્યું કે સંસદ એવો કાયદો કેવી રીતે બનાવી શકે, જે લોકોના કોર્ટમાં જવાના મૂળભૂત અધિકારને નકારે છે. આ બંધારણની મૂળ ભાવનાની પણ વિરુદ્ધ છે. આ કાયદો બંધારણની કલમ ૧૪,૧૫, ૧૯,૨૧ અને ૨૫માં આપવામાં આવેલા અધિકારોનું ઉલ્લંઘન કરે છે. આ કાયદાને પડકારતી અરજી માર્ચ ૨૦૨૧માં જ દાખલ કરવામાં આવી હતી.તેના પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો. આ પછી તેણે તમામ અરજીઓ એકસાથે સાંભળવાનું નક્કી કર્યું હતું. આજે ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની બેન્ચે સુનાવણી હાથ ધરી હતી.૧૯૯૧માં જ્યારે રામ મંદિર આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે પ્લેસ ઓફ વર્શીપ એક્ટ લાવવામાં આવ્યો હતો. આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે રામ મંદિર સિવાય અન્ય તમામ ધાર્મિક સ્થળોમાં ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની સ્થિતિ પુનઃસ્થાપિત કરવામાં આવે. એટલે કે જો ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ મસ્જિદ હતી તો તેને સમાન ગણવી જોઈએ અને જો મંદિર હતું તો તેની રચનામાં કોઈ ફેરફાર ન કરવો જોઈએ. આ મામલે કોર્ટનો સંપર્ક કરવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવાની ચર્ચા છે. હવે આ અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે કે આ એક્ટ પોતે જ ગેરબંધારણીય છે.

# હોકી ટીમ જુનિયર એશિયા કપ-૨૪ ની વિજેતા બનતા મોદીએ પાઠવ્યા અભિનંદન

મસ્કત, તા. ૫

જ્યારે પણ ભારતનો મુકાબલો રમતના મેદાનમાં પાકિસ્તાન સામે થાય છે ત્યારે ઉત્તેજના ચરમસીમાએ પહોંચી જાય છે. જુનિયર એશિયા કપની ફાઈનલ મેચોમાં પણ કંઈક આવું જ જોવા મળ્યું હતું. ઓમાનની રાજધાની મસ્કતમાં રમાયેલી આ ફાઈનલ મેચમાં ભારતે પાકિસ્તાનને ૫-૩થી હરાવ્યું અને જુનિયર એશિયા કપ ૨૦૨૪નું ટાઈટલ જીત્યું હતું. ભારત સતત ત્રીજી વખત જુનિયર એશિયા કપ જીતવામાં સફળ રહ્યું છે. આ પહેલા ભારતીય જુનિયર હોકી ટીમે વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૨૩માં આ ખિતાબ પોતાના નામે કર્યો હતો. જૂનિયર એશિયા કપ ૨૦૨૪ ૨૬ નવેમ્બરથી મસ્કતમાં શરૂ થયો હતો જેમાં ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. ભારતે પૂલ છમાં ટોચનું સ્થાન મેળવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી હતી, જ્યારે પાકિસ્તાને પૂલ મ્માં ટોચનું સ્થાન મેળવીને અંતિમ-૪માં પ્રવેશ મેળવ્યો હતો. આ પછી પાકિસ્તાને જાપાનને ૪-૨થી હરાવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો જ્યારે ભારતે મલેશિયાને ૩-૧થી હરાવીને ટાઈટલ મેચમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. ફાઈનલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે જોરદાર સ્પર્ધા હતી પરંતુ અંતે ભારતીય ટીમ ૫-૩થી ટાઈટલ જીતવામાં સફળ રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જુનિયર એશિયા કપ ૨૦૨૪ જીતવા બદલ ભારતીય પુરૂષ જુનિયર હોકી ટીમને અભિનંદન પાઠવ્યા છે. વડાપ્રધાને પોતાના ઠ એકાઉન્ટ પર પોસ્ટ કર્યું છે જેમાં તેમણે લખ્યું છે કે, “આપણા હોકી ચેમ્પિયન પર ગર્વ છે! ભારતીય હોકી માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે કારણ કે આપણી મેન્સ જુનિયર ટીમે જુનિયર એશિયા કપ ૨૦૨૪નો ખિતાબ જીત્યો છે. તેમની અજોડ કૌશલ્ય, તનતોડ મહેનત અને અવિશ્વસનીય ટીમ વર્કએ આ જીતએ રમતગમતના ગૌરવના ઈતિહાસમાં નામ નોંધાવી દીધું છે. યુવા ચેમ્પિયનને અભિનંદન અને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ.”જુનિયર એશિયા કપની ફાઈનલ મેચમાં ૨૦ વર્ષીય અરયજીત સિંહ હુંદલે ભારત માટે ૪ ગોલ કર્યા હતા જ્યારે એક ગોલ દિલરાજની લાકડીમાંથી આવ્યો હતો. પાકિસ્તાન તરફથી સુફયાન ખાને ૨ અને હનાન શાહિદે ૧ ગોલ કર્યો હતો. આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પાકિસ્તાનની આ સતત ચોથી હાર છે જ્યારે ભારત સામે આ સતત ત્રીજી હાર છે. ૨૦૧૨થી પાકિસ્તાનની ટીમ ફાઈનલમાં હારી રહી છે. ખંડીય ટૂર્નામેન્ટમાં ભારતનું આ પાંચમું ટાઈટલ છે. આ પહેલા ભારતે ૨૦૦૪, ૨૦૦૮, ૨૦૧૫ અને ૨૦૨૩માં આ ખિતાબ જીત્યો હતો. આ ટુર્નામેન્ટ ૨૦૨૧ માં ઝ્ંફેંઇ-૧૯ રોગચાળાને કારણે યોજાઈ ન હતી. હુન્દલે ચોથી, ૧૮મી અને ૫૪મી મિનિટમાં ત્રણ પેનલ્ટી કોર્નરને રૂપાંતરિત કર્યા અને ૪૭મી મિનિટે ફિલ્ડ ગોલ કર્યો હતો.ભારત માટે બીજો ગોલ દિલરાજ સિંહે (૧૯મી મિનિટે) કર્યો હતો. પાકિસ્તાન માટે સુફિયાન ખાને (૩૦મી અને ૩૯મી મિનિટે) બે પેનલ્ટી કોર્નરને કન્વર્ટ કર્યા જ્યારે હન્નાન શાહિદે ત્રીજી મિનિટે ફિલ્ડ ગોલ કર્યો હતો. અગાઉ જાપાને મલેશિયાને ૨-૧થી હરાવીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

### સંસદ પરિસરમાં રાહુલ ગાંધીનું વિરોધ પ્રદર્શન

# વડાપ્રધાન મોદી અને અદાણી અલગ નથી, એક જ છે : કોંગ્રેસ

**મોદી ક્યારેય અદાણી સામે તપાસ નહીં કરાવે, કારણ કે જો તેઓ આમ કરશે, તો તેઓ પોતાની જ તપાસ કરાવશે : રાહુલ**

નવી દિલ્હી, તા. ૫

સંસદના શિયાળુ સત્રનો આજે ગુરુવારે નવમો દિવસ છે. આજે પણ ગૃહમાં ચર્ચા માટે ઘણા મહત્વપૂર્ણ બિલો મૂકવામાં આવશે. આ સિવાય વિપક્ષ સંભલ મુદ્દે પણ હંગામો મચાવી શકે છે. આ પહેલા સંસદ પરિસરમાં રાહુલ ગાંધી સહિત વિપક્ષી સાંસદો દ્વારા અદાણી મામલે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન રાહુલ ગાંધીએ ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, ” મોદી ક્યારેય અદાણી સામે તપાસ નહીં કરાવે, કારણ કે જો તેઓ આમ કરશે, તો તેઓ પોતાની જ તપાસ કરાવશે. મોદી અને અદાણી અલગ નથી, એક જ છે.”મંગળવારે રાજ્યસભાની કાર્યવાહી દરમિયાન ઘણી વખત હંગામો થયો હતો. હકીકતમાં, વિરોધ પક્ષો અદાણી લાંચ કાંડ, સંભલ અને ખેડૂતોના આંદોલન જેવા મુદ્દાઓ પર રાજ્યસભામાં ચર્ચાની માંગ કરી રહ્યા હતા, પરંતુ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે તેને ફગાવી દીધી હતી. આ પછી વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી મંગળવારે પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસના અન્ય કેટલાક નેતાઓ સાથે સંભલ જવા રવાના થયા હતા, પરંતુ તેમને ગાઝીપુર સરહદથી આગળ જવા દેવામાં આવ્યા ન હતા. આ અંગે મંગળવારે વિપક્ષી દળોએ ગૃહમાંથી વોકઆઉટ પણ કર્યું હતું. આવી સ્થિતિમાં આજે પણ આ અંગે હોબાળો થાય તેવી શકયતા છે.

### હત્યાનો વિડીઓ સોશિયલ મીડિયામાં વાયરલ થયો

# અમેરિકામાં હેલ્થકેરની મોટી કંપનીના CEOની ગોળી મારી હત્યા

**કંપનીના કામે હોટલમાં ગયેલા CEO ની હોટલની બહાર હત્યા**

વોશિંગ્ટન, તા. ૫

અમેરિકાથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં સ્વાસ્થ્ય ક્ષેત્રની દિગ્ગજ કંપની યુનાઈટેડ હેલ્થકેરના સીઈઓની ગોળી મારી હત્યા કરી દેવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. તેમને મેનહટ્ટનમાં એક હોટેલની બહાર બુધવારે ગોળી મારવામાં આવી હતી. પોલીસે આ ટારગેટ કિલિંગનો મામલો ગણાવ્યો છે. જોકે આ ઘટનાનો સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે જેમાં તેમને પાછળથી આવેલો હુમલાખોર ગોળી મારતો દેખાય છે. CEO બ્રાયન થોમ્પસનને મેનહટ્ટનની હોટેલની બહાર સવારે ૬:૪૫ વાગ્યે ગોળી મારી દેવામાં આવી હતી. તે આ હોટેલમાં કંપનીના વાર્ષિક ઈન્વેસ્ટર કોન્ફ્રેન્સમાં સામેલ થવા ગયા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલે લઈ જવાયા હતા જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. પોલીસે કહ્યું કે હુમલાખોર હાલમાં ફરાર છે અને આ હુમલો કેમ કરવામાં આવ્યો અને તેમની કેમ હત્યા કરાઈ તેનું કારણ હજુ અકબંધ છે અને આ મામલે અમે તપાસ કરી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે કે સ્વાસ્થ્ય ક્ષેત્રની દિગ્ગજ કંપની યુનાઈટેડ હેલ્થ ગ્રૂપ ઈંકની વીમા કંપની યુનાઈટેડ હેલ્થકેરની બુધવારે સવારે ન્યૂયોર્ક શહેરમાં રોકાણકારો સાથે વાર્ષિક બેઠક થવાની હતી એટલા માટે તે ત્યાં ગયા હતા.

ગ્રામ પંચાયત, રેશનકાર્ડમાં દર્શાવેલી વાજબી ભાવની દુકાન, મામલતદાર કચેરી અથવા પાલિકા ખાતે

# અમરેલી જિલ્લામાં રવિવાર રજાના દિવસે પણ આધારકાર્ડ નંબર પરથી ઈ-કેવાયસી કરવાની ઝુંબેશ શરૂ રહેશે

**રેશનકાર્ડધારક મોબાઈલ ફોનમાં ઘરબેઠા 'માય રેશન' એપ્લિકેશન મારફત પણ ઈ-કેવાયસી કરી શકાશે.**

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાં રાજય સરકારદ્વારાતમામરેશનકાર્ડધારકોના આધારકાર્ડ નંબર પરથી ઈ-કેવાયસી કરવાની કાર્યવાહી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવામાં આવી છે.

રેશનકાર્ડધારક ત્રણ રીતે ઈ-કેવાયસી કરાવી શકીએ: આધાર કાર્ડ ઈ-કેવાયસી કરવાનીપ્રક્રિયા માટે (૦૧) ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ પંચાયત કચેરી અથવા રેશનકાર્ડમાંદર્શાવવામાં આવેલી વાજબી ભાવની દુકાન ખાતે, (૦૨) તાલુકા કક્ષાએ તથા શહેરી વિસ્તારમાં મામલતદાર કચેરી અથવા નગર પાલિકા કચેરીએ કરાવી શકાય છે.

આ ઉપરાંત ઘરબેઠા મોબાઈલ ફોનમાં માય રેશન એપ્લિકેશન મારફત રેશનકાર્ડધારક ઈ-કેવાયસી કરીશકે છે. જેપ્રક્રિયાઅંગે માર્ગદર્શકવીડિયોઝયૂ-ટ્યુબપ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ છે.

ઈ-કેવાયસી કરાવવા માટે રેશન કાર્ડનંબર, મોબાઈલ નંબર અને આધારનંબરની માત્ર વિગતો જ આપવાની છે.

અન્ય કોઈ દસ્તાવેજ ઝેરોક્ષ કોપી કે બેન્કએકાઉન્ટની વિગતો આપવાની રહેતી નથી. આ અંગેની વધુ વિગતો કચેરીના ગામના ઈ-ગ્રામ કેન્દ્રના વી.સી.ઈ, તાલુકામાં મામલતદારનો સંપર્ક કરવો. આ ઝુંબેશમાં અમરેલી જિલ્લાના મહતમ નાગરિકો ઈ-કેવાયસી કરાવી શકે તે માટે તા.૦૮.૧૨.૨૦૨૪-રવિવારની જાહેર રજાના દિવસે ઈ-કેવાયસીની કામગીરી કરતી જિલ્લાની તમામ કચેરીઓ શરૂ રહેશે તેમ અમરેલી જિલ્લા પુરવઠા અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

તસ્કરોને શોર્ટ લાગવાનો પણ ડર રહયો નથી

# શાબાશ : સાવરકુંડલાનાં પીઠવડીગામેથી ચાલુ વીજ પ્રવાહમાંથી વાયરોની ચોરી

**પીજીવીસીએલનાં નાયબ ઈજનેરે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૫

સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે રહેતા જયસુખભાઈ બાબુભાઈ રીબડીયાની વાડીએ જતા ઈલેવન કે.વી. વીજલાઈનનો વીજ કનેકશનના ચાલુ ટેપીંગ વાળી લાઈનમાંથી ત્રણ વાયર વાળી ઈલેવન કે.વી. વીજલાઈનનો આશરે ચેદ વીજપોલનો વાયર જેની આશરે કિંમત રૂપિયા ૧,૧૯,૫૫૨ ની ચાલુ વીજ પ્રવાહ માંથી વાયરો કાપીને ગત તા.૩ નારોજસાંજે ૬ થીતા.૪નારોજસવારે ૯ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સાવરકુંડલા પીજીવીસીએલના નાયબ ઈજનેર ચિરાગભાઈ દિનેશભાઈ નકુમે પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# બેખૌફ થઈને ઠગાઈ કરતાં ઠગોને માટે હવે સરકારે કડકમાં કડક કાનૂન બનાવવા જોઈએ કે નહી

સાવરકુંડલા, તા. ૫

આપણે અવારનવાર સમાચાર પત્રો દ્વારા કે અન્ય સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ દ્વારા પણ આ દુનિયામાં બનતાં નકલી કેભાંડો જોયા છે. ક્યારેક નકલી નોટ, તો કોઈ વખત નકલી વસ્તુઓ, નકલી બેંક એકાઉન્ટ, નકલીબિલો, નકલીદસ્તાવેજો, વગેરેનો જીવનમાં કોઈ વખત તો પરિચય થયો હશે.. અરે ભાઈ નકલી કચેરીઓ, નકલીપી.એ.,નકલીઅદાલતો, નકલી ઈડીઓફિસરો, નકલીઅધિકારીઓના સ્વાંગમાં આ સમાજની અંદર બેખૌફ થઈને ઘૂમતાં ઠગોની દુનિયાની પણ એક અનોખી માયાજાળ હોય છે.

આવી નકલીની ભરમાર વચ્ચે ઘણીવાર અસલીને ઓળખવું ઘણું અઘરું થઈ જાય છે. ઘણી વખત અસલી કરતાં નકલીનો રૂઆબ અસલી કરતાં ચાર ચાસણી ચડે તેવો છે. જો કે આ દુનિયામાં અંતે તો કિંમત અસલીની જ થાય છે. પિતળ અને સોનું એક સમાન તો નથી હોતા પરંતુ ઘણીવખત નકલી વસ્તુઓ કે વ્યક્તિઓનું બાહ્ય પરિરૂપ અસલીથી ચાર ચાસણી ચડે એવો ક્ષણિક ભાસ ઉભો કરી જાય છે.

પેલું ડોન પિક્ચર જોયું હોય તેને ખ્યાલ હશે કે અસલી અને નકલીની ભેદરેખાને સમજવી કેટલી કઠીન હોય છે. આપણે પણ આ અસલી નકલીના ચક્કરમાં થાપ ખાઈ જતાં હોઈએ છીએ. પછી તો દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે એવું થાય. અંતે નકલી એ નકલી છે. અને ઓરિજિનલ એ ઓરિજિનલ છે.!! જો કે નકલી અને બનાવટીને અંતે તો કાનૂની સકંજામાં આવવું પડે છે.

પરંતુ ત્યાં સુધીમાં ઘણાને આ અસલી નકલીનો પરચો મળી ચૂક્યો હોય છે. હા, ઘણી વખત નકલી સહીઓ કરીને અસલીમાં ખપાવવાની એ ભાંજગડમાં ભાંડો ફૂટે પણ ખરો પરંતુ આ તો ઠગોની દુનિયા છે. એનામાં આટલી સાહસિકતા અને હિંમત કેમ આવતી હશે? એ યક્ષપ્રશ્ન છે..!! આ નકલીના કારોબારને કાયદાકીય રીતે સખ્તાઈથી નશ્યત થાય એવાં કડક કાનૂનની હવે આ દેશમાં જરૂર નથી લાગતી? આ સવાલનો ઉત્તર આપ વાંચકોના મનોમંથન માટે. **"પાંધીસર"**

દેશના પાટનગર દિલ્હી ખાતે સાંસદ રૂપાલા દ્વારા

# કુંકાવાવનાં અમરાપુરા ગામનાં ખેડુત ધર્મેશભાઈ માથુકીયાને એવોર્ડ એનાયત

**મિલિનિયર ફાર્મર ઓફ ઈન્ડિયાનુ બિરૂદ મળ્યું**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લાના અમરાપુરા ગામના વતની એવા પ્રગતિશીલ ખેડૂત ધર્મેશભાઈ મૂળજીભાઈ માથુકિયાને દિલ્હી ખાતે કેંદ્રીય મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાના હસ્તે જિલ્લા લેવલના મિલિનિયર ફાર્મર ઓફ ઈન્ડિયા ૨૦૨૪ ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. મહિંદ્રા ટ્રેક્ટર દ્વારા પ્રાયોજિત અને કૃષિ જાગરણના સંસ્થાપક અને એડિટર ઈન ચીફ એમસી ડોમિનિકની પહેલ પર આયોજિત કરવામાં આવેલ મિલિનિયર ફાર્મર આફ ઈન્ડિયા એવોર્ડ ૨૦૨૪ માં મંગળવારે ૩ ડીસેમ્બરના ૨૦૨૪ ના રોજ પોતાની આથાક મહેનત થકી બીજા ખેડૂતો માટે પ્રરેણા બનીને ઉભરી આવેલ ધર્મેશભાઈનું જિલ્લા લેવલનું મિલિનિયર ફાર્મર ઓફ ઈન્ડિયાનું એવોર્ડ આપવામાં આવ્યા હતા.

સમગ્ર ભારતમાં આ પ્રોગ્રામનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યુ હતું. ૧ થી ૩ ડીસેમ્બર સુધી યોજવામાં આવેલ આ આયોજનમાં સમગ્ર ભારત નથી પરંતુ કેટલાક વિદેશી ખેડૂતોનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. જણાવી દઈએ કે સમગ્ર ભારતમાંથી લગભગ ૧૦૦૦ જેટલા ખેડૂતોનું તેમની કારકીર્દી મુજબ જિલ્લા, રાજય અને રાષ્ટ્રીય એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. એ જ ખેડૂતોમાંથી એક છે અમરેલી જિલ્લાના અમરાપુરા ગામના પ્રગતિશીલ ખેડૂત ધર્મેશભાઈ મૂળજીભાઈ માથુકિયા. એવોર્ડ મેળવ્યા પછી ધર્મેશભાઈએ જણાવ્યું કે મને આજે કેંદ્રીય મંત્રી પુરૂષોત્તમ ભાઈ રૂપાળા હસ્તે એવોર્ડ મેળવ્યા પછી ખૂબજ આનંદની અનુભુતિ થાય છે. વધુમાં જણાવી દઈએ કે એમએફઓઆઈ ૨૦૨૪ દિલ્હી ખાતે આવેલ ઈન્ડિયન એગ્રીકલ્ચર રિસર્ચ સેન્ટર પૂસામાં યોજાયું હતો, જયાં નીતિ આયોગના અધ્યક્ષ તેમ જ કેટલાક વૈજ્ઞાનિકોએ જોડાવ્યા હતા. તેના સાથે જ કેંદ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

ધર્મેશભાઈની સફળતાની વાર્તા ધર્મેશ ભાઈ એ એક એવો ખેડૂત છે જેમને પ્રાકૃતિક રૂપથી કાશ્મીરી મરચાની ખેતી કરીને બીજા ખેડૂતો માટે એક ઉદહારણ ઉભા કર્યો છે. ગુજરાતના અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકા હેઠળ આવેલા અમરાપુર ગામમાં જન્મેલા ધર્મેશભાઈએ દેશની ટોચની કોલેજોમાં ભણેલા લોકોને પાછળ છોડી દીધું છે. ધર્મેશભાઈએ લોકો માટે એક એવો ઉદાહરણ પૂરૂ પાડ્યો છે કે શિક્ષા મેળવીને રસાયણિક ખેતી કરવાની જગ્યાએ પ્રાકૃતિક ખેતી કરીને પણ સફળતા મેળવી શકાય છે. માત્ર આઠમા ધોરણ સુધી ભણેલા ધર્મેશભાઈએ ૩૮ વીઘા જમીનમાં મરચાની ખેતીના સફળ ખેડૂત બનીને દેખાડ્યો છે અને બીજાને જણાવ્યું છે કે મારી જેમ તમે પણ એક સફળ ખેડૂત બની શકો છો. પરંતુ તેના માટે તમારે મેહનત કરવી પડશે. પ્રોસેસિંગ પણ કરે છે સફળ ખેડૂત ધર્મેશભાઈએ માત્ર કાશમીરી મરચાની ખેતી નથી કરતા પરંતુ તે મરચાને પ્રોસેસ કરીને તેનો પાવડર પણ બનાવે છે. વ્યૂહાત્મકરીતે પોતે બજારમાં તેનો વેચાણ કરે છે. જો તેમના કાશમીરી મરચાનો પાવડરની કિંમતની વાત કરીએ તો તે ફક્ત ૪૫૦ રૂપિયા પ્રતિ કિલો ગ્રામના ભાવે બજારમાં વેચાયે છે. તેમજ તેમની મરચા એટલી પ્રખ્યાત થઈ ગઈ છે કે તે ભારતમાં શું અમેરિકા સહિત વિવિધ દેશોમાં પહોંચી ગઈ છે.

કાશમીરી મરચાની ખેતી થકી ધર્મેશભાઈએ ધરાવે છે ૧.૫ કરોડની આવક નવીનતમ નાણાકીય અહેવાલ મુજબ ધર્મેશભાઈ માથુકીયા રૂ ૧.૫ કરોડની પ્રભાવશાળી વાર્ષિક આવક ધરાવે છે ખેત મજુરી સત્તિના ખર્ચાઓને બાદ કરીને તે ગર્વથી ૯૦ લાખ રૂપિની ચોખ્ખી બચત કરે છે બજારની ગતીશીલતા તેની તરફેણમાં છે સારી ગુણવતાવાળા લાલ મરચાના પાવડરની વર્તમાન છુટક બજાર કિંમત રૂા. ૫૦૦થી રૂા. ૬૦૦ પ્રતિ કિલોગ્રામ છે જથ્થાબંધ બજારમાં ૨૫૦ રૂપીયા પ્રતિ કિલોગ્રામના દરે ૬૦ હજાર કિલોગ્રામ મરચામાંથી તેની ઉપજ તેની નોંધપાત્ર કમાણી માટે નોંધપાત્ર યોગદાન આપે છે.

# સા.કુંડલા :સંતશ્રી આપાલાખાની ૨૪૪ મી જન્મજયંતી ઉજવાશે



સાવરકુંડલા, તા.૫

સાવરકુંડલામાં આગામી તા. ૮/૧૨/૨૦૨૪ ના રવિવારના રોજ સંતશ્રી આપાલાખાની ૨૪૪ મી જન્મ જયંતિ ભવ્ય રીતે ઉજવાશે જેમાં સવારે મંગળા આરતી, સમાધી પૂજા, ધ્વજારોપણ કરવામાંઆવશે. ત્યારબાદ સામૈયંના દર્શન સવારે ૯-૦૦ કલાકે થશે. મહાપ્રસાદનું આયોજન સાંજે ૭-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જયારે સંતવાણી રાત્રીના ૧૦ કલાકે રાખેલ છે. જેમાં સુનીલભાઈ પરમાર, જયેશભાઈ પરમાર અને નરશીભાઈ સોલંકી જેવા ભજનીકોની અલખનો આરાધ કરશે. સ્વામી ૧૦૦૮ ગોવિંગીરી બાપુ (જુનાગઢ) લાલદાસ બાપુ (કેસરડી) વિશેષ હાજરી આપશે. તિથિ મહોત્સવના મુખ્ય દાતા તરીકે દાનજીભાઈ બચુભાઈ સોંદરવા, સુનિલભાઈ દાનજીભાઈ સોંદરવા, હરિભાઈ વાસુરભાઈ ગેલાતર અને કિશોરભાઈ દાફડાવિગેરેનો સેવા-સહકાર મેળવેલ છે. એમ આપા લાખાની જગ્યાના મહંત નાનજી ભગતની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત

# ખેલમહાકુંભ 3.0 - વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા તા.૨૫ ડિસેમ્બર સુધીમાં રજિસ્ટ્રેશન કરવું

**રજિસ્ટ્રેશનને લગતી કોઇ પણ સમસ્યા બાબતે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૭૪૬ ૧૫૧ પર સંપર્ક કરો**

અમરેલી, તા. ૫

સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ખેલમહાકુંભ ૩.૦ નું આયોજન છે. શાળા, ગ્રામ્ય તાલુકા, ઝોન કક્ષા, જિલ્લા-મહાનગર પાલિકા, ઝોન કક્ષા (ટીમ રમત) અને રાજય કક્ષાની વિવિધ સ્પર્ધા યોજાશે.

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત શાળા કક્ષાએ અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ની વયજૂથમાં એથ્લેટિકસ રમતમાં તમામ શાળાઓએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે. નિયત વયજૂથના તમામ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન https://khelmahakumbh.gujarat.gov.in પર ડિસેમ્બર ૨૦૨૪ની તા. ૫ થી તા.૨૫ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં કરવું. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે.

અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ના ગ્રુપના ખેલાડીઓએ જે-તે શાળામાંથી રજિસ્ટ્રેશન ફરજિયાત કરવું કોલેજમાં અભ્યાસ કરતા ખેલડીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરાવવું, અભ્યાસ ન કરતા ખેલાડીઓએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજૂથ પ્રમાણે રજિસ્ટ્રેશન કરવું. સ્પર્ધામાં ભાગ લેવા માટેની વય મર્યાદાની કટઓફ ડેટ તા.૩૧ ડિસેમ્બર, ૨૪ છે.

જે કક્ષાએથી સ્પર્ધા શરૂ થાય ત્યાં ટીમ રમતમાં માત્ર એક જ શાળાના વિદ્યાર્થીઓની ટીમ હોવી જોઈએ અને આચાર્ય અને શાળાનો કોડ નંબર એક હોવો જોઈએ અને બોનાફાઈડ વિદ્યાર્થીઓ હોવા જોઈએ.

રજિસ્ટ્રેશન કરતી વખતે જન્મ તારીખ સાચી દર્શાવી જો ખોટી જન્મ તારીખ હોવા અંગેની જાણ થશે તો સ્પર્ધક ૩ વર્ષ સુધી સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી. એક જિલ્લામાંથી બે જ રમતમાં ભાગ લઈ શકાશે. ખેલાડી ગુજરાત રાજયનો વતની હોવો જોઈએ અથવા ગુજરાત રાજયમાં બે વર્ષથી અભ્યાસ, નોકરી અથવા વ્યવસાયથી નિવાસ કરતો હોવો જોઈએ જેના આધાર પ્રમાણપત્ર રજૂ કરવા.

શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી તાલુકા અને જિલ્લામાંથી ભાગ લઈ શકશે. સ્પર્ધા દરમિયાન આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, બોનાફાઈડ અને બેંકની પાસબુકની નકલ સાથે રાખવી. રજિસ્ટ્રેશનને લગતી કોઈ પણ સમસ્યા બાબતે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૭૪૬ ૧૫૧ પર સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

રણછોડદાસબાપુ ચેરિટેબલ ટ્રસ્ટનાં સહયોગથી

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા બુધવારે દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

**નિષ્ણાંત તબીબોની ટીમ સેવા પૂરી પાડશે**

ચલાલા, તા. ૫

ચલાલા - વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૧/૧૨/૨૪ બુધવારના રોજ ૨૭૩મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપશે.

ગૌ.વા. ઈન્દુબેન જમનાદાસ પાટડીયા હ. જમનાદાસ મુળજીભાઈ બાબરાવાળા - રજનીભાઈ (હાલ અમરેલી)ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં તપાસ દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામુલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે. ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિના મુલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભલે તેવું સંસ્થાના વડા પૂ.ડો. રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.

જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને

# અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ

**કોલ્ડવેવની અસરથી બચવા રક્ષણાત્મક પગલા લેવાની જાગૃતિ પ્રસરાવવામાં આવશે**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ હતી.

અમરેલી જિલ્લા સેવા સદનખાતે જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ, જિલ્લા ટાસ્કફોર્સ ઈમ્યુનાઈઝેશન (રસીકરણ) અને રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ હેઠળ જિલ્લા કક્ષાની તમાકુ નિયંત્રણ સ્ટિયરિંગ સમિતિ બેઠકમાં એજન્ડા મુજબ વિસ્તૃત ચર્ચાવિચારણા કરવામાં આવી હતી.

વર્ષ-૨૦૨૪ના એપ્રિલથી શરૂ કરી અને નવેમ્બર,૨૦૨૪ સુધી કરવામાં આવેલ રસીકરણની કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી. રસી મેળવવાના બાકી હોય તેવા બાળકોને રસીકરણ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવશે. ફિલ્ડ પર સર્વે વધારવા, રસીકરણને લગતી કામગીરી ઘનિષ્ઠ રીતે કરવા બાબતે થાય તે માટે હાથ ધરવાની કાર્યવાહી વિશે ચર્ચા કરવામાં આવી હતી.

સઘન પલ્સ પોલીયો રસીકરણ અંતર્ગત તા. ૦૮ ડિસેમ્બર, ૨૦૨૪ રવિવારના રોજ ૭૯૭ બુથ પર ૯૦ મોબાઈલ ટીમ અને ૨૭ ટ્રાન્સીટ ટીમ દ્વારા ૬૦૨ આરોગ્ય કર્મચારી, ૧૬૦૫ આંગણવાડી કાર્યકર, ૧૨૩૦ આશા તથા ફેસીલેટર વર્કર અને ૨૧૦ અન્ય કર્મચારી મળી ૩૫૨૦ સભ્યો દ્વારા જિલ્લામાં ૧૦૦ ટકા બાળકોને રક્ષિત કરવા પોલીયો રસીકરણની ઝુંબેશ યોજાશે. રાષ્ટ્રીય લેપ્રસી નાબુદી અભિયાન અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને કો-ઓર્ડિનેશન સમિતિની રચના કરવામાં આવી છે. આ અંતર્ગત અમરેલી જિલ્લામાં આગામી તા.૧૨ ડિસેમ્બર થી તા.૨૧ ડિસેમ્બર દરમિયાન લેપ્રસી કેસ ડિટેકશન અભિયાન હેઠળ ઝુંબેશ યોજાશે. ૦૭ દિવસ દરમિયાન જિલ્લાના ૯૯ ગામોને આવરી લેવામાં આવશે.

જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ અન્વયે જિલ્લામાં સંચારી રોગની હાલની પરિસ્થિતિને લઈને ચર્ચા કરવામાં આવી હતી. શિયાળાની ઋતુ હોય અને કોલ્ડવેવની અસર હોય તો ઠંડીથી બચવા રક્ષણાત્મક પગલાં લેવા અને કલોરિનેશન અંગેની કામગીરી માટે જિલ્લા કલેકટરએ સંબંધિત અધિકારીને સૂચનાઓ આપી હતી.

મલેરિયા અને ડેંગ્યુના કેસોની સમીક્ષા કરી અને સંબંધિત વિસ્તારોમાં રોગચાળાનો ઉપદ્રવ હોય તેવા ચોમાસા સહિતના સમયે યોગ્ય જાગૃતિ તેમજ મચ્છરદાનીનો ઉપયોગ અને શરીરને હાથ સુધી ઢાંકવા ફૂલ સ્લીવના કપડાં બાળકોને પહેરવાની કાળજી નાગરિકો દ્વારા લેવામાં આવે તે માટે જરૂરી જાગૃતિ પ્રસરાવવા માટે કલેકટર એ સૂચનાઓ આપી હતી.

વર્ષ-૨૦૨૪માં ક્રિમિયન કોંગો હેમરેજીક ફિવરનો એક શંકાસ્પદ કેસ નોંધાયો હતો જેનો રીપોર્ટ નેગેટીવ આવ્યો છે. નવેમ્બર-૨૦૨૪ દરમિયાન એનિમલ બાઈટ (રેબિઝ)ના ૭૯૦ કેસ નોંધાયા છે, હડકવાનો એક પણ કેસ નોંધાયો નથી. તમામ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્ર પર એ.આર.વી તેમજ એ.એસ.વી.નો જથ્થો ઉપલબ્ધ છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મેલેરિયા, ડેંગ્યુ, ચિકનગુનિયાના કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે.

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાની ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ હતી. ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ તમાકુ મુકત શૈક્ષણિક સંસ્થા શાળા કાર્યક્રમ ગાઈડ મુજબ શાળા વિસ્તારથી નજીક હોય તેવા વિસ્તારમાં તમાકુ યુકત પદાર્થોનું વેચાણ થઈ શકે નહીં તે બાબતે કાયદાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તે સહિતની વિશેષ સૂચનાઓ જિલ્લા કલેકટરએ આપી હતી.

ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૨૪ના જુલાઈ થી ઓકટોબર દરમિયાન જિલ્લા સ્કવોડ, આરોગ્ય, પોલીસ, શિક્ષણ, વાહનવ્યવહાર, ખોરાક અને ઔષધ નિયમન, નગરપાલિકાઓ દ્વારા તમાકુ નિયંત્રણ ધારાના ભંગ બદલ વિવિધ કલમો અંતર્ગત ૪૪૮ કેસ નોંધાયા, દંડ પેટે રૂ.૫૧, ૪૫૫ની રકમ વસૂલ કરવામાં આવી. બેઠકનું સંચાલન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ કર્યુ હતું.

આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા તાલુકા આરોગ્ય અધિકારીઓ, કર્મચારીઓ અને નગરપાલિકાઓના ચીફ ઓફિસરઓ અને સમિતિના સભ્યઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

એકનાથ શિંદે અને અજિત પવારે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

# ભાજપના દિગ્ગજ નેતા દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

**આઝાદ મેદાનમાં આયોજીત શપથ ગ્રહણ સમારંભમાં રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને ફડણવીસ, શિંદે અને અજિત પવારને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા**

મુંબઈ, તા. ૫

મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકાર બની છે. ભાજપના દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. જ્યારે શિવસેનાના એકનાથ શિંદે અને એનસીપીના અજિત પવારે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. મુંબઈના આઝાદ મેદાનમાં આયોજીત શપથ ગ્રહણ સમારંભમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિત પવારને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. દેવેન્દ્ર ફડણવીસ ત્રીજી વખત મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન બન્યા હતા. આ પહેલાની સરકારમાં એકનાથ શિંદે મુખ્યપ્રધાન હતા. જ્યારે બીજેપી નેતા દેવેન્દ્ર ફડણવીસ અને એનસીપીના અધ્યક્ષ અજિત પવાર નાયબ મુખ્યપ્રધાનની જવાબદારી સંભાળતા હતા. હવે નવી સરકારમાં નેતૃત્વ બદલાઈ ગયું છે.

શપથ ગ્રહણ સમારોહ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને અજિત પવારસાથે ફોટો શૂટ કરાવ્યું હતું. પવાર અને ઉદ્ધવ ઠાકરે આજે શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા ન હતા. મહા વિકાસ અઘાડીના કોઈ નેતા શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા નહોતા. મહાયુતિએ શપથ લેવા માટે વિપક્ષને આમંત્રણ પણ મોકલ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, આસામના મુખ્ય પ્રધાન હેમંતા બિસ્વા સરમા, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, બિહારના મુખ્ય પ્રધાન નિતીશ કુમાર, અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખંડુ, ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર ધામી અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનો આ કાર્યક્રમ માટે મુંબઈ આવી રહ્યા છે. સલમાન ખાન, શાહરૂખ ખાન, સચિન તેંડુલકર, વિક્રાંત મેસ્સી, જય કોટક, એકતા કપૂર, મુકેશ અંબાણી, અનંત અંબાણી, જાન્હવી કપૂર, વિદ્યા બાલન, સિદ્ધાર્થ કપૂર, વરુણ ધવન, અનિલ અંબાણી, માધુરી દીક્ષિત, શ્રીરામ નેને, રણવીર કપૂર, રણબીર કપૂર, રણવીર સિંઘ, ગીતાંજલિ કિર્લોસ્કર, બિરેન્દ્ર સરાફ, રાજેશ અદાણી, મનોજ સૌનિક, કે. કે. તાતેડ, મૃદુલા ભાટકર, નિખિલ મેસવાણી, હેતલ મેસવાણી, નીરજા ચૌધરી, યોગેશ પુઢારી, રોહિત શેટ્ટી, અર્જુન કપૂર, સતીશ મહેતા, એટલી, બોની કપૂર, શ્રદ્ધા કપૂર, બાદશાહ, જયેશ શાહ, જહોન અબ્રાહમ, વિકી કૌશલ, ખુશી કપૂર, રૂપાલી ગાંગુલી, સુધાકર શેટ્ટી, ધવલ મહેતા, આલોક સંઘવી, જયોતિ પારેખ, આલોક કુમાર, અરવિંદ કુમાર સહિત અનેક સેલિબ્રિટીઓ કાર્યક્રમમાં હાજર લોકોમાં જોવા મળ્યા હતા.

ગુરુવારે (ડિસેમ્બર ૫) મહારાષ્ટ્રમાં એક ભવ્ય સમારોહની વચ્ચે દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ નવી મહાયુતિ સરકારની રચના કરવામાં આવી હતી.

એકનાથ શિંદે છેલ્લી ઘડીએ ડેપ્યુટી સીએમ પદ સંભાળવાનો નિર્ણય લીધો હતો. તેમણે દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે હોદ્દા અને ગુપ્તતાના શપથ પણ લીધા હતા, પરંતુ એવું માનવામાં આવે છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં હજુ ચિત્ર જોવાનું બાકી છે.

મંત્રાલયોની વહેંચણીનો મુદ્દો હજુ ઉકેલાયો નથી. સૂત્રોનું માનીએ તો જો મુંબઈમાં મામલો નહીં ઉકેલાય તો મામલો દિલ્હી પહોંચશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે એકનાથ શિંદે ગૃહ મંત્રાલય ઈચ્છે છે પરંતુ ભાજપ તેને છોડવા તૈયાર નથી. શિવસેનાની દલીલ છે કે જ્યારે એકનાથ શિંદે સીએમ હતા ત્યારે ગૃહ મંત્રાલય દેવેન્દ્ર ફડણવીસ પાસે હતું. તેવી જ રીતે હવે શિંદે ડેપ્યુટી સીએમ છે તો તેમને ગૃહ મંત્રાલય મળવું જોઈએ.

સૂત્રોના જણાવ્યા અનુસાર અજિત પવારે પણ NCP માટે મોટા મંત્રાલયોની માંગણી કરી છે. આ અંગે પણ આગામી સમયમાં નિર્ણય લેવાનો છે. શિંદે જૂથ અજિત પવારના કેટલાક વિભાગો પર નજર રાખી રહ્યું છે, આવી સ્થિતિમાં શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ એકનાથ શિંદેને નારાજ કરવા માંગતી નથી.

બુધવારે (૪ ડિસેમ્બર), દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદે અને અજિત પવાર રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણનને મળ્યા અને સરકારની રચના માટે ઔપચારિક રીતે દાવો કરવા માટે સમર્થનનો પત્ર આપ્યો. શિવસેના પ્રમુખ એકનાથ શિંદે સ્વાસ્થ્ય સમસ્યાઓને ટાંકીને થાણે ગયા હતા, જેના કારણે મહાયુતિ ગઠબંધનમાં આંતરિક વિખવાદની અટકળો શરૂ થઈ હતી. તેમની નારાજગીને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા થઈ હતી.

તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં ૨૩ નવેમ્બરે યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં મહાયુતિ ગઠબંધનને ૨૩૦ બેઠકો પર ભવ્ય જીત મળી હતી. ભાજપે રાજ્યની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૧૩૨ બેઠકો જીતીને ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે, જે રાજ્યમાં તેનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. શિવસેનાએ ૫૭ બેઠકો જીતી હતી જ્યારે અજિત પવારની દ્રઝૅને ૪૧ બેઠકો મળી હતી.

# અમરેલીનાં વોર્ડ–નં. ૩ અને ૧૧માં E-KYC અને આયુષ્યમાન કાર્ડ કેમ્પ યોજાયો






અમરેલીનાં ધારાસભ્ય વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા ઘરઆંગણે ઈ–કેવાયસી અને વડીલો માટેના આયુષ્માન વયવંદના કાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી શહેરના વોર્ડ નંબર ૩ ખાતે બ્રહ્મેર મહાદેવ મંદિર પાસે તેમજ વોર્ડ નંબર ૧૧મા ખેડૂત તાલીમ કેન્દ્ર, પટેલ સંકુલ પાસે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક દિવસીય કેમ્પને ભવ્ય પ્રતિસાદ સાપડયો હતો. જેમાં અંદાજિત ૧૧૦૦થી પણ વધુ લાભાર્થીઓ કેમ્પમાં સહભાગી થયા હતા.નાગરિકોને ઘરઆંગણે મળેલી સુવિધાનો લાભ મોટી સંખ્યામા લાભાર્થીઓ મેળવ્યો હતો અને રાજીપો વ્યકત કર્યો હતો. આ અંગે કૌશિકભાઈ વેકરીયાએ એક યાદીમાં જણાવ્યું હતું કે, અમરેલી શહેરના નાગરિકો અને વિધાનસભા મતવિસ્તારના નાગરિકોની સુખાકારીને ધ્યાને લઈ એક નવતર પહેલ શરૂ કરવામાં આવી છે, જેમાં સરકારની સેવાઓને મેળવવા માટે નાગરિકોએ કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેમજ વૃદ્ધોને કોઈ તકલીફ ના પડે તે માટે વહીવટી તંત્રને જે તે વોર્ડમાં મોકલી વિસ્તારના નાગરિકોને ઇ–કેવાયસી તથા આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં અમરેલી શહેરના તમામ વોર્ડમાં અને અમરેલી વડિયા કુંકાવાવ વિધાનસભા મતવિસ્તારના તમામ ગામમાં આ પ્રકારના કેમ્પ યોજી નાગરિકોને રાજય સરકારની સેવાનો લાભ આપવા માટે અમે માધ્યમ બનીશું. કેમ્પનું સફળ આયોજન કરવા બદલ અમરેલી નગરપાલિકાના સભ્યઓ, જે તે બુથના કાર્યકર્તાઓ સહિત સ્થાનિક અગ્રણીઓએ કમર કસી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## જાફરાબાદનાં લોઠપુર નજીક

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામ નજીક વાડી વિસ્તારમાં આજે વાડી વિસ્તારમાં પવનચક્કીનો ટાવર ઉભો કરવાની કામગીરી ચાલી રહી હતી. ત્યારે અચાનક ટાવરને સપોર્ટ આપતો વાયરનો તાણ્યો ટુટી જતા, આ પવનચક્કીનો ટાવર વચ્ચેથી ભાંગી પડતા ટાવર ઉપર કામ કરી રહેલાં કલ્લપા માલગુડા પાટીલ (ઉ.વ.૪૩) તથા શીવાગોડા બાસાગોડા પાટીલ (ઉ.વ.૨૮) બંને મજુરો જમીન ઉપર પટકાતા બંને મજૂરોને ગંભીર ઈજાઓ થતાં જાફરાબાદ સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જયાં બંને મજૂરોના મોત થયાનું જાહેર થતાં જાફરાબાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. આ બનવાથી આ પંથકમાં ભારે અરેરાટી ફેલાય જવા પામી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ૫૦ લાખની છેતરપીંડી કરી

રહીમભાઈની સહીવાળુ ખોટુ એફીડેવીટ તૈયાર કરી તેના ખરા તરીકે ઉપયોગ કરી ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનમાં આપી ઈડીએફએસ (ઈ–ડિલર ફાયનાન્સ સ્કીમ) મેળવી આઈસીઆઈસીઆઈ બેંક–બાબરા મુકામે રજુ કરી ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનમાં પર્ચેસ ઓર્ડર નાખી પેટ્રોલ–ડીઝલ મેળવી વેંચાણ કરી આશરે રૂા. ૨૪,૦૦,૦૦૦ તેમજ ચાવંડ મુકામેના બેંકમાં રહેલ સી.સી. ખાતાની રકમ રૂપિયા ૪,૦૦,૦૦૦ મેળવી લઈ તથા અમરેલી બજાજ ફાઈનાન્સમાંથી રૂા. ૧૬,૧૪,૦૦૫ ની લોન મેળવી આરોપીએ તેમના અંગત ઉપયોગમાં લઈ અમુક હપ્તાઓ ભરી હાલ રૂપિયા ૧૧,૬૩,૨૩૨ વ્યાજ સહિતની રકમ બાકી રાખી તેમજ લાઠી ખાતેથી આઈઆઈએફએલ ફાયનાન્સમાં રહીમભાઈની જાણ બહાર ખોટી સહીઓ કરી તેમની ચેકમાં રહીમભાઈના નામની ખોટી સહી કરી રૂા. ૯,૫૦,૫૧૩ ની લોન મેળવી લઈ જે તમામ રકમ રહીમભાઈના ખાતામાં નખાવી તેના અંગત ઉપયોગ માટે રહીમભાઈની જાણ બહાર મેળવી લઈ કુલ રકમ આશરે રૂા. ૪૯,૧૩,૭૪૫ જેટલી માતબર રકમ તેમના અંગત વપરાશ ઉપયોગમાં લઈ છેતરપીંડી/ગુનાહીત વિસઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ રહીમભાઈ જમાલભાઈ રાધનપરાએ નોંધાવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી અને સાવરકુંડલા હિન્દુ સમાજ દ્વારા

ગુનેગારોસામે કડક કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી હતી.

સભાબાદ જુદા જુદા બેનરો સાથે વિશાળ મૌન રેલી અમરેલી કલેકટર કચેરી સુધી પહોંચી હતી અને અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અમરેલીમાં આવેલી તમામ જુદી જુદી હિન્દુ સંસ્થાઓ ઉપરાંત જુદા જુદા વેપારીઓ, આગેવાનો વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા. જો બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારો નહીં અટકે તો આગામી દિવસોમાં અન્ય કાર્યક્રમો આપવાની પણ ચિમકી આપવામાં આવી છે.

**સાવરકુંડલા**

સાવરકુંડલામાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતાં અત્યાચારોઅને નિર્દોષ હિન્દુ સંતો તેમજ લોકોની ધરપકડ સામે સમગ્ર હિન્દુ સમાજમાં ભારે રોષ જોવા મળ્યો છે. આ રોષ વ્યકત કરવા માટે સાવરકુંડલામાં વિશાળ મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશાળ રેલી રિધ્ધિ–સિધ્ધિ ચોકથી મામલતદાર કચેરી સુધી નીકળેલી. આ રેલીમાં સાધુ–સંતો સહિત મોટી સંખ્યામાં નગરજનો પણ જોડાયા હતા. રેલીમાં ઉપસ્થિત લોકોએ બાંગ્લાદેશમાં હિન્દુ સમાજ પર થતાં અત્યાચારોની નિંદા કરતા જણાવ્યું હતું કે, નિર્દોષ લોકો અને હિન્દુત્વના વિવિધ સંપ્રદાયોના અનુયાયીઓને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. આવા કૃત્યો માફીને બક્ષવાને લાયક નથી અને તેને રોકવા માટે કડક પગલા લેવા જરૂરી છે.

હિન્દુ અસ્મિતા મંચ સાવરકુંડલા ધ્વારા જણાવ્યું હતું કે, "ધર્મ પરના આવા હુમલાઓને જો રોકવામાં નહીં આવે તો સમગ્ર વિશ્વમાં આના ઘેરા પ્રત્યાઘાત પડી શકે છે. તેથી ભારત સરકારે મુત્સદીગીરીનો ઉપયોગ કરીને બાંગ્લાદેશ પર દબાણ લાવી આવા નિંદનીય અત્યાચારો બંધ કરાવવા જોઈએ." મૌન રેલી બાદ ડેપ્યુટી કલેકટરને આવેદનપત્ર પાઠવીને સાવરકુંડલાના હિન્દુઓની લાગણીઓને બાંગ્લાદેશ સુધી પહોંચાડવાની અપીલ કરવામાં આવી હતી. આવેદનપત્રમાં સરકારને કડક પગલાં લેવાની માંગ કરવામાં આવી હતી. સાવરકુંડલાના સમસ્ત હિન્દુ સમાજ તેમજ વિવિધ હિન્દુ સંગઠનો તેમજ હિન્દુ અસ્મિતા મંચ ધ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું.


સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી બોયઝ કોલેજ પ્લાનીંગ
સંકુલ M.B.A બોયઝ કોલેજ પ્લાનીંગ – GTU - AICTE
સંકુલ M.C.A બોયઝ કોલેજ પ્લાનીંગ – GTU - AICTE
★ બાયપાસ ગેઈટ નં. – 5 ન્યુ બિલ્ડીંગ – બપોર ની શીફ્ટ નું પ્લાનીંગ
★ Entry - Exit બારોબાર – ગર્લ્સ કેમ્પસ થી સંપૂર્ણ પણે સેપરેટ
★ સંકુલ નાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ – સ્ટુડન્ટસ નાં સુચન આવકાર્ય
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી -Ad 079



**શ્રી ગોપાલગ્રામ કુમાર પ્રા.શાળા તા–ધારી, જિ–અમરેલી**

**જાહેર હરરાજી**

શ્રી ગોપાલગ્રામ કુમાર પ્રા.શાળામાં ૩ સ્લેબવાળા જર્જરીત રૂમોના ઈમલાની જાહેર હરરાજી તા. ૨૮/૧૨/૨૦૨૪ ને શનિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શ્રી ગોપાલગ્રામ કુમાર પ્રા.શાળામાં રાખેલ છે. તો રસ ધરાવતી પાર્ટી કે વ્યકિતઓ સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

આ ૩ (ત્રણ) રૂમો ની અપસેટ કિંમત રૂા. ૩૬૦૦૦/– (અંકે રૂપિયા છત્રીસ હજાર પૂરા) અને હરરાજીમાં ભાગ લેનાર પાર્ટી કે વ્યકિતએ ડિપોઝીટ પેટે રૂા. ૨૦૦૦/– (બે હજાર પૂરા) ભરીને હરરાજીમાં ભાગ લઈ શકશે. અને ડિપોઝીટ હરરાજીના દિવસે અગાઉ ભરવાના રહેશે.

હરરાજીની બોલી અને શરતો હરરાજીના દિવસે સ્થળ ઉપર વાંચી સંભળાવામાં આવશે.

નોંધ :– હરરાજીમાં ભાગ લેનાર વ્યકિતએ પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ ફરજીયાત સાથે લાવવાની રહેશે.

આચાર્યશ્રી,
શ્રી ગોપાલગ્રામ કુમાર પ્રા.શાળા
તા. ધારી, જિ. અમરેલી

એસ. એમ. સી. સમિતિ અધ્યક્ષશ્રી,
શ્રી ગોપાલગ્રામ કુમાર પ્રા.શાળા
તા. ધારી, જિ. અમરેલી



**જાહેર નોટિસ**

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે લાઠી રોડ રસ્તે આવેલ રે.સ.નં. ૧૧૯ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ "વૃંદાવનપાર્ક–૨"નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં. ૧૦૨/૧ પૈકી, ચો.મી. ૫૫–૦૫ તથા પ્લોટ નં. ૧૦૨/૨ પૈકીની જમીન ચો.મી. ૧૦–૦૫ મળી કુલ ૬૫–૧૦ ચો.મી.વાળી મિલ્કત હાલનાં ધારણકર્તા રંજનબેન મહેન્દ્રભાઈ સેજુ સદરહું મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ રજૂ કરેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખમાં સંબંધિત કુલમુખત્યારનામુ અથવા તેની નકલ મળી આવતી નથી. અને ગેરવલ્લે થયેલ છે. તેવી રજૂઆત હાલના માલીક રંજનબેન મહેન્દ્રભાઈ સેજુ તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

(૧) હિંમતલાલ પરશોત્તમભાઈ સેંજલીયાના કુલમુખત્યાર પંકજભાઈ જીણાભાઈ વઘાસીયાએ તા. ૦૨/૦૮/૨૦૧૧ના દસ્તાવેજ નં. ૩૫૩૭ માં કરી આપેલ લેખ સબંધેનુ કુલમુખત્યારનામુ

સબબ ઉપકરોત લેખ સંબધે તથા કુલમુખત્યારનામા અન્વયે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૩માં અમો નીચે સહી કરનાર પાસે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વેચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ એસ.બી.આઈ. બેંક અમરેલી તરફે આપવામાં આવશે ત્યારબાદ કોઈના કઈપણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહી. જેની નોંધ લેશો.

તા. ૦૫/૧૨/૨૦૨૪
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩
સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી.
**મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧**

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા**
**એડવોકેટ**


## સાવરકુંડલાની ઘટનાને લઈને ખાંભાનાં રઘુવંશી સમાજે મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું

### આરોપીને કડક સજા આપવાની માંગ



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

સાવરકુડલા, તા. ૫

સાવરકુંડલા ખાતે રઘુવંશી સમાજના અગ્રણી પર કેટલાક અસામાજીક તત્વો દ્વારા કરાયેલ હુમલાને ખાંભા તાલુકા રઘુવંશી સમાજ સખ્ત શબ્દોમાં વખોડી કાઢેલ છે.

આ બનાવનાં આરોપીઓને કાયદાકીય રીતે સખ્ત સજા થાય અને ભવિષ્યમાં કયારેય પણ આવું કૃત્ય કરવાની હિંમત ના કરે તે રીતે તેમને કાયદાનું ભાન સરકાર તરફથી કરવામાં આવે તેવી રઘુવંશી સમાજે મામલતદારને આવેદન પત્ર પાઠવીને માંગ કરેલ છે.


**જાહેર નોટિસ**

અમો નીચે સહી કરનાર **કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ,** અમરેલી ના આથી અમારા અસીલ વિજયભાઈ વિઠલભાઈ સિકોતરા, રહે. અમરેલી, તા. વ. જિ. અમરેલીનાએ આપેલ સુચના અન્વયે આથી લાગતા–વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરીએ છીએ કે, ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના અમરેલી ગામતળમા આવેલ વરસડા રોડ રસ્તે રે.સ. નં. ૧૪૫ પૈકીની બિનખેડવાણ જમીન માહે આવેલ ધરમનગરના પ્લોટ નં. ૪૬ પૈકીની જમીનના મુળ માલીક મુળ નાનજીભાઈ ભગવાનભાઈ બાંભરોલીયા વિગેરેની વડીલોપાર્જીતની હતી. અને હિન્દુ વારસધારા મુજબ તેમના દરેક વારસદારોનો હિસ્સો હોય આ જમીન મહે. કલેકટર સાહેબ, અમરેલીના હુકમ નં.ચિ/જમન/૧–વશી–૨૧૧૭– ૨૫–૯૨ તા.૧૭/૬/૧૯૯૨થી રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે. જેનો લે–આઉટ પ્લાન મહે. નાયબ નગર નિયોજક સાહેબ, જુનાગઢના પત્ર નંબર ડેવ–અમરેલી–૩૯–૮૮/૮૯ તા. ૩૦/૧૨/૧૯૯૧થી "ધરમનગર" નામે મંજુર થયેલ છે. તે માહેના પ્લોટોની ઘરમેળે વહેંચણી કરતા પ્લોટ નં. ૪૬ની જમીન શારદાબેન નાનજીભાઈ બાંભરોલીયાના માલીકી હકકે આવેલ. તેઓના કુલમુખત્યાર નાનજીભાઈ ભગવાનભાઈ બાંભરોલીયા પાસેથી તા. ૧૭/૧૦/૧૯૯૨ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૭૩૨ થી રાઘવભાઈ કેશવભાઈ પાનસુરીયાએ વેચાણ રાખેલ, તેઓ પાસેથી તા. ૧/૦૭/૨૦૦૩ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નં. ૧૬૦૪ થી મનુભાઈ ઉકાભાઈ નાગલાએ વેચાણ રાખેલ, ત્યારબાદ તેઓના વારસદાર જયોતિબેન મનુભાઈ નાગલા પાસેથી તા. ૨૭/૦૩/૨૦૧૮ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૨૨૪ થી વર્ષાબેન વિપુલભાઈ વોરાએ વેચાણ રાખેલ, તેઓ પાસેથી તા. ૨૮/૦૬/૨૦૧૯ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૬૮૧થી ચિંતનભાઈ ચંદ્રકાંતભાઈ સેલાણીએ વેચાણ રાખેલ, શ્રી ચિંતનભાઈ ચંદ્રકાંતભાઈ સેલાણી પાસેથી અમારા અસીલ વિજયભાઈ વિઠલભાઈ સિકોતરા, રહે. અમરેલીનાએ આ મિલ્કત વેચાણ રાખવા નકકી કરેલ છે. અને સદરહુ મિલ્કત સબંધે તા. ૫–૧૨–૨૦૨૪ના રોજ નોટરાઈઝડ બાનાખત (કબજા વગરનું) કરી લીધેલ છે. સદરહુ મિલ્કત સબંધે અમારા ઉપરોકત અસીલે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૬ / ૧૨ / ૨૦૨૪

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૫ | ૧૪૯૦ |
| ૨ | મગફળી–૨૦ | ૧૧૨૮ | ૧૧૮૨ |
| ૩ | તલ સફેદ | ૧૯૭૦ | ૨૪૪૦ |
| ૪ | અડદ | ૧૧૬૫ | ૧૪૩૫ |
| ૫ | જીરૂ | ૪૦૧૫ | ૪૨૭૫ |
| ૬ | ઘઉં | ૫૩૦ | ૫૫૦ |
| ૭ | ચણા | ૧૧૧૭ | ૧૨૨૩ |
| ૮ | સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ૯ | કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૪૦ |
| ૧૦ | મગફળી બી.ટી. | ૧૧૨૮ | ૧૧૮૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૫ | ૧૦૫૩ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૭૦ | ૧૨૬૫ |
| ૩ | શિંગ મોટી | ૮૦૧ | ૧૨૧૮ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૧૫ |
| ૬ | તલ કાળા | ૩૫૫૫ | ૪૩૧૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૩૦ | ૩૨૭૭ |
| ૮ | બાજરો | ૪૮૦ | ૫૨૫ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૯૯૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૫૬ | ૬૭૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૬૧ | ૬૪૬ |
| ૧૨ | મગ | ૭૦૦ | ૧૯૦૦ |
| ૧૩ | અડદ | ૭૯૦ | ૧૪૬૦ |
| ૧૪ | ચણા | ૬૩૦ | ૧૪૫૦ |
| ૧૫ | ચોળી | ૧૮૨૦ | ૧૮૨૦ |
| ૧૬ | કપાસ | ૭૦૫ | ૧૪૭૦ |
| ૧૭ | એરંડા | ૬૦૦ | ૧૨૩૬ |
| ૧૮ | જીરૂ | ૨૦૦૦ | ૪૩૯૦ |
| ૧૯ | ધાણા | ૧૨૬૫ | ૧૪૨૦ |
| ૨૦ | સોયાબીન | ૭૦૦ | ૮૩૮ |
| ૨૧ | રજકા બી | ૩૩૦૦ | ૫૩૯૦ |
| ૨૨ | મરચા લાંબા | ૫૦૦ | ૨૪૫૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૪૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૪૨ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૦૬૫ |
| ૩ | ઘઉં | ૫૭૫ | ૫૯૫ |
| ૪ | ચણા | ૧૧૫૧ | ૧૩૩૫ |
| ૫ | છોલે ચણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૬ | અડદ | ૧૨૭૫ | ૧૩૫૦ |
| ૭ | ધાણા | ૧૧૫૦ | ૧૩૨૧ |
| ૮ | સફેદ તલ | ૨૧૧૧ | ૨૧૧૧ |
| ૯ | કાળા તલ | ૪૦૫૫ | ૪૦૫૫ |
| ૧૦ | ચોળી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૧ | જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ૧૨ | મગ | ૧૨૯૦ | ૧૨૯૦ |
| ૧૩ | સોયાબીન | ૬૦૦ | ૮૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૩૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૨૧ |
| ૩ | તલ સફેદ | ૨૨૧૧ | ૨૫૭૬ |
| ૪ | જીરૂ | ૪૦૦૧ | ૪૫૦૦ |
| ૫ | કપાસ | ૧૩૭૫ | ૧૪૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૪૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૬૦ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૭૦૦ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૮૦૦ |
| ૧૦ | મઠ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | અડદ | ૯૫૦ | ૧૫૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | મેથી | ૯૦૦ | ૧૧૫૦ |
| ૧૪ | એરંડી | ૧૧૫૬ | – |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૬ | સોયાબીન | ૭૩૦ | ૮૧૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૮૦ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૮૯ |
| ૩ | જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| ૪ | સોયાબીન | ૫૬૦ | ૭૮૨ |
| ૫ | મગફળી | ૬૫૦ | ૯૦૦ |
| ૬ | ચણા | ૧૦૧૫ | ૧૨૪૦ |
| ૭ | તલ સફેદ | ૨૦૦૫ | ૨૨૯૦ |
| ૮ | ધાણા | ૧૨૫૦ | ૧૩૭૫ |
| ૯ | ચણા સફેદ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ૧૧ | ચણા છોલે | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૧૨ | અડદ | ૧૦૧૦ | ૧૧૯૦ |
| ૧૩ | રાઈ | ૭૦૦ | ૭૦૦ |
| ૧૪ | બાજરો | ૩૨૦ | ૫૩૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૫ | ૧૪૬૫ |
| ૨ | મગફળી | ૯૩૨ | ૧૧૪૯ |
| ૩ | ચણા | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૪ | સોયાબીન | ૭૪૫ | ૭૭૯ |
| ૫ | અડદ | ૧૪૫૧ | ૧૪૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૨૧ | ૧૧૩૬ |
| ૨ | તલ સફેદ | ૨૦૨૪ | ૨૪૯૧ |
| ૩ | તલ કાળા | ૪૨૦૧ | ૪૨૦૧ |
| ૪ | કપાસ | ૧૩૨૦ | ૧૪૬૦ |
| ૫ | બાજરો | ૫૬૧ | ૬૪૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૩ |
| ૭ | જુવાર | ૫૮૯ | ૮૦૩ |
| ૮ | મગ | ૧૭૦૦ | ૨૪૦૦ |
| ૯ | મઠ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૩૯૩ |
| ૧૨ | જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ૧૩ | સોયાબીન | ૬૬૧ | ૭૭૩ |

# આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની પ્રાકૃતિક શિબિર ચીખલકુબા ખાતે યોજાઈ









તાજેતરમાં શ્રી આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની પ્રાકૃતિક શૈક્ષણિક શિબિર ધારી પૂર્વવન વિભાગ દ્વારા ચીખલકુબા કેમ્પ સાઈડ ખાતે યોજાઈ હતી, જેમાં શાળાના ૨૦ વિદ્યાર્થીઓ તથા શિક્ષક રમેશભાઈ ચારિયાએ ભાગ લીધો હતો. કેમ્પસાઈટ પરથી વન ભ્રમણ દરમિયાન પશુઓ, પક્ષીઓ, સરીસૃપ પ્રાણીઓ, કીટકો, જમીન, આકાશ વિશેની વિસ્તૃત જાણકારી મેળવી હતી. જળએજીવન, પાણી બચાવો, વૃક્ષ છેદન અટકાવો, ભૂસ્ખલન અટકાવો તેમજ પર્યાવરણને થતું મોટું નુકસાન એ કેવી રીતે અટકાવી શકાય તેની વિસ્તૃત માહિતી આ શિબિર દરમ્યાન આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ત્રણ દિવસ અને બે રાત્રિ દરમિયાન આ કેમ્પમાં કેમ્પ ફાયર, નાટકવિવિધગીતો, પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમો રજૂ કર્યા હતા શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દીપકભાઈ માલાણી અને આચાર્ય એમ.ડી. માલવિયાએ સે કોઈ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર શિબિરને સફળ બનાવવા માટે શાળાના શિક્ષક ભાઈઓ અને બહેનોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. અને શિબિરને સફળ બનાવવા માટે તેનું નેતૃત્વ શાળાના સંસ્કૃત વિષયના શિક્ષક એવા રમેશભાઈ ચારિયાએ નેતૃત્વ પૂઢ પાડ્યું હતું.

### સમસ્ત બસિયા કાઠી પરિવાર દ્વારા

## ધુડશિયા ખાતે યોજાયેલ શ્રીમદ્ દેવીભાવદત કથામાં સાધુ-સંતો અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા

### અંદાજિત ૫ હજાર ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૫

ગોંડલ તાલુકાના ધુડશિયા ખાતે સમસ્ત બસીયા કાઠી રાજવી ગિરાસદાર પરિવાર દ્વારા કુળદેવી શ્રી ચામુંડા માતાજીના સાનિધ્યમાં ભવ્ય અને દિવ્ય શ્રીમદ્દ દેવિભાગવત કથા જ્ઞાનયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું છે.કથાના વ્યાસપીઠે પરમ પૂજય કનકેશ્વરી માતાજી બિરાજી કથાનું રસપાન કરાવી રહ્યા છે.અહીં આયોજિત શ્રીમદ્ દેવીભાગવતના ચોથા દિવસે સાધુ સંતો ને રાજકીય આગેવાનો પધાર્યા હતા બસીયા પરીવારના આગેવાનો દ્વારા આવેલા સાધુ સંતોને રાજકીય આગેવાનો નું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતુ કથા દરમ્યાન દરરોજ બહોળી સંખ્યા મા આજુબાજુ ગામ ના લોકો કથા નું શ્રવણ કરવા આવે છે આજે બહોળી સંખ્યા મા માતાઓ, વડીલો, આગેવાનો ઉપસ્થિત રહયા હતા આજે અંદાજીત ૫૦૦૦ લોકો એ મહાપ્રસાદ લીધો હતો ને કથા નું શ્રવણ કર્યું હતું ધુડશીયા ગામમા ઉત્સાહ નો માહોલ જોવા મળ્યો હતો સાધુ સંતોમાં સતાધાર જગ્યાના મહંત વિજયબાપુ,પ.પુ. કિશોરબાપુ સોનગઢ, રમેશપ્રગટ સમજુ પ્રગટ ગોસાઈ મહંત રાંદલ ના દડવા, રામદયાળદાસ બાપુ જિથુડી, રામદાસબાપુ રણુંજાધામ સાથળી, શાંતિદાસબાપુ ગંગાઆશ્રમ ચોકી, રામમનોહરદાસબાપુ મહંત ગીરીયા હનુમાનજી મંદીર, હાર્દિકબાપુ મહંત નાગદેવતા મંદીર અમરેલી,બાલુગામ હરિયાણા બાબા મોજનાથ યોગી ભવાનીનાથ ગરૂ રાણાનાથજી હનુમાનજીની જગ્યા બીલખા, તુલસીશયામ મંદીર ટ્રસ્ટના દરબાર મહેશભાઈ કોટીલા શાસ્ત્રી રાજુભાઈ જોશી, ડેડાણ, દરબાર પ્રતાપભાઈ કોટીલા ડેડાણ, દરબાર હમીરભાઈ કોટીલા ડેડાણ, પધારેલા સાધુ સંતો નું બસીયા પરીવાર આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. રાજકીય આગેવાનોમાં ગણેશભાઈ જાડેજા વાઈસ ચેરમેન ગોંડલ નાગરિક બેંક, ભુપતભાઈ ભાયાણી ધારાસભ્ય વિસાવદર, રાજુભાઈ ડાંગર ઉપ પ્રમુખ જિલ્લા પંચાયત રાજકોટ, ધર્મેન્દ્રસિંહ જાડેજા વાઈસ ચેરમેન માર્કેટિંગ યાર્ડ ગોંડલ, સમીરભાઈ કોટડીયા શહેર ભાજપ મહામંત્રી ગોંડલ, અશ્વિનભાઈ ઠુંમર ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ તેમજ અનેક રાજકીય આગેવાનો હાજર રહયા હતા તમામ નું બસીયા પરીવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.આવેલા તમામ સાધુ સંતો રાજકીય આગેવાનો ઉપસ્થિત રહીને કથાનું શ્રવણ કર્યું હતું ને કથા સ્થળે ભાગવત ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી અને ચામુંડા માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી જે બાદ તેઓ કથા સ્થળપ્રસાદ લઈને રવાના થયા હતા. બસીયા કાઠી રાજવી ગિરાસદાર પરીવાર આયોજીત શ્રીમદ્ દેવી ભાગવત મા આજે સાંજે એટલે કે તા. ૬ ના રોજ સાંજે ૪ થી ૬ ધર્મ સભાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વક્તા તરીકે પ. પુ. આત્માનંદ સરસ્વતી મહારાજ બોટાદ ખાસ ઉપસ્થિત રહેશે તેમજ પ.પુ. પ્રયાગરાજ બાપુ ચલાલા, જયશ્રી દેવી માતાજી દાનમહારાજની જગ્યા પાંડરશીગા તેમજ અનેક સાધુ સંતો ધર્મ સભા મા હાજરી આપશે. તેમજ સાંજે સાત વાગે કંનકેશ્વરી માતાજીના હસ્તે શ્રી ચામુંડા મંદીરે મહાઆરતી કરવામાં આવશે જેમાં આવેલા મહેમાનો બહેનો બસીયા પરીવારના ભાઈ ઓ બહેનો આરતી મા જોડાશે.આજે સાંજે ભવ્ય લોકડાયરો બસીયા કાઠી રાજવી ગિરાસદાર આયોજીત કુળદેવી શ્રી રાજ રાજેશ્વરી શ્રી ચામુંડા માતાજીના સાનિધ્યમાં ભવ્ય લોકડાયરાનું સાંજે ૯.૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું જે જેમના કલાકાર છે લોક સાહિત્યકાર રાજભા ગઢવી, તેમજ હરેશદાન ગઢવી ને નામી અનામી કલાકારો માતાજીના દુહા છન્દ રજુ કરશે.

## થોરડી ખાતે વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી



સાવરકુંડલા, તા. ૫

લોક સેવક સંઘ ગઢડા સંચાલિત શ્રી નિવાસી અંધ વિદ્યાલય -થોરડીમાં વિ દિવ્યાંગ દિવસની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી.આજરોજ સેપ્રથમ પ્રાર્થના કાર્યક્રમમાં શ્રી નિવાસી અંધ શાળાના મ.શિક્ષક સંજયભાઈ પંડ્યાદ્વવારા લોક વિદ્યા મંદિર થોરડીના વિદ્યાર્થી ભાઈઓ બહેનો અને ટ્રસ્ટી કાંતિદાદા પરસાણા તેમજ આચાર્યશ્રી તેમજ શિક્ષક સ્ટાફ ગણને આજના દિવસ અંતર્ગત દિવ્યાંગોની વિમાં સિદ્ધિઓ અને તેમને મળતા ફાયદાઓ વિશે ખૂબ જ રસપ્રદ માહિતી આપી હતી. વિ વિકલાંગ દિન નિમીત્તે નિવાસી અંધ વિદ્યાલયના બાળ કોના રમોત્સવનું આયોજન કરવા આવ્યું હતું જેમાં સાંધિક રમતોને સ્થાન આપવામાં આવ્યું હતું. જેવી કે સંગીત ખુરશી, લીંબુ ચમચી, કોથળા દોડ જેવી રમતોનું આયોજન થયું હતુ. રમતોમાં આવેલ ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરનાર દિવ્યાંગ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી કાંતિભાઈ પરસાણા નિવાસી અંધ વિદ્યાલયના આચાર્ય હિતેશભાઈ દેસાઈ તથા લોકવિદ્યા મંદિરહાઈસ્કૂલના આચાર્ય અરવિંદભાઈ ચોડવડીયા તથા શિક્ષક સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા શ્રી નિવાસી અંધ વિદ્યાલયના શિક્ષક સંજયભાઈ પંડ્યા દ્વારા વિ દિવ્યાંગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કાંતિદાદા તથા નિવાસી અંધ વિદ્યાલયના આચાર્ય હિતેશભાઈ દેસાઈનું માર્ગદર્શન રહ્યું હતું તેમજ અંધ વિદ્યાલય તેમજ લોક વિદ્યામંદિરના તમામ સ્ટાફ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### આગામી ૨૪ ડીસેમ્બરે

## બાબરા તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

### તા.૧૫ ડિસેમ્બર સુધીમાં પ્રશ્નો રજુ કરવા

અમરેલી, તા.૫

બાબરા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪ ડિસેમ્બર-૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાનાં અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંતગ પ્રશ્નો રજુ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામુહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયનાં પ્રશ્નો તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવી. અરજીનાં મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ બાબરા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં લોકગાયક તેજદાન ગઢવીનો લોકડાયરો યોજાયો



અમરેલી, તા.૫

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને શિક્ષણ સાથે સંસ્કાર તેમજ સંસ્કૃતિનું ધ્યાન રાખતી અમરેલીની નિવાસી વિદ્યાલય શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પ્રખ્યાત લોકગાયક તેજદાન ગઢવીનો કાર્યક્રમ યોજાયો હતો પોતાની આગવી શૈલીની ગાયકીથી ભતેજદાને વિદ્યાર્થીઓને ડોલાવ્યા હતા.આ કાર્યક્રમમાં દીનેશભાઈ ભુવા (શીતલ આઈસ્ક્રીમ), ડો.પિયુષ ગોસાઈ, ડો. રાજુ કથિરીયા, જીતુભાઈ દેસાઈ (હીરો મોટર્સ), ડો નીતિન ત્રિવેદી, ડો નરેન્દ્ર સોજીત્રા, ભાનુભાઈ કિકાણી, વિપુલ ભટ્ટી, ભગત તળાવિયા કેવલ મહેતા, ધ્યેય પંડયા સહિત સંગીત પ્રેમીઓએ ઉપસ્થિત રહી ગીત - સંગીતનો જલસો માણ્યો હતો.કાર્યક્રમની શુભ શરૂઆત અને આભારવિધિ જાણીતા સોશ્યલ વર્કર પિયુષ ધાનાંણીએ કરેલ. શ્રીજી વિદ્યાર્થી ભુવનનાં સંચાલક દંપતી વિલાસબેન તેમજ દીપકભાઈ વઘાસિયાએ બાળ વિદ્યાર્થીઓને તેમજ સ્ટાફગણને સંસ્કૃતિક લોકગીતોનો જલસો કરાવ્યો હતો. કાર્યક્રમની સઘળી વ્યવસ્થા મયંકભાઈ કોટડિયા, જયેશભાઈ તેમજ સ્ટાફ દ્વરા કરવામાં આવી હતી.

## અમરેલી : કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે ''વિશ્વ જમીન દિવસ''ની ઉજવણી



અમરેલી, તા. ૫

તા. ૫ દિસેમ્બર અંતર્ગત વિશ્વ જમીન દિવસ ૨૦૨૪ નિમિતે ગુજરાત નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટીના માન. કુલપતિના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી ખાતે કોલેજ બિલ્ડિંગમાં વિશ્વ જમીન દિવસની ઉજવણી કરવામાં આવી. સદર પ્રોગ્રામમાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીની વિદ્યાર્થીની સુરતી વૈદેહી દ્વારા ખૂબ સરસ એંકરીંગ કરવામાં આવેલ. જેમાં કોલેજના દરેક વિદ્યાર્થીઓ ધ્વારા ગ્રૂપમાં જમીન સંરક્ષણ, જમીન સુપોષણ, જમીન જાળવણી અને વિશ્વ જમીન દિવસ થીમ "કેરિંગ ફોર સોઈલ : મેજર, મોનીટર, મેનેજ" જેવા વિષય પર વાત કરવામાં આવી. જેમાં કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ધ્વારા જમીન સંરક્ષણની વાત ને બિરદાવતા જમીનના મહત્વ વિષય પર વાત કરેલ ત્યાર બાદ પ્રોગ્રામના અધ્યક્ષ અને અત્રેની કોલેજના આચાર્ય ડો. એસ. પી. દેશમુખ ધ્વારા વિદ્યાર્થીઓને વિશ્વ જમીન દિવસનો મહિમા અને તેની ઉજવણી શા માટે કરવી તેના પર વાત કરતાં જણાવેલ કે ખેતીમાં જમીન સુપોષણ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. અને જમીનની જાણવાણી એ આવતી કાળની જરૂરિયાત છે. જે ફકત નેચરલ ફાર્મિંગ કરવાથી પરી પૂર્ણ થશે. ત્યાર બાદ કોલેજના વિદ્યાર્થી નૈતિક કલેના ધ્વારા સંસ્કૃત શ્લોકના ઉચ્ચારણ સાથે તેનું મહત્વ કહેવામાં આવેલ. અંતે સર્વે વિદ્યાર્થીઓ ધ્વારા જમીન સંરક્ષણ કરવા માટે સંકલ્પ લીધેલ. સદર પ્રોગ્રામનું સુંદર આયોજન કોલેજના સહયોગી ભાવિક ગોંડલીયા, પ્રિયંકાબેન જાગાણી અને અન્ય સ્ટાફ ગણો ધ્વારા કરવામાં આવેલ હતું.

## અમરેલીનાં ગજેરા કેમ્પસમાં પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ મોક ટેસ્ટ (શૈક્ષણિક સિદ્ધિ સર્વે)નું આયોજન કરવામાં આવ્યું



અમરેલી, તા. ૫

અમરેલી તારીખ ૪ ડિસેમ્બરના રોજ પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ મોક ટેસ્ટનું આયોજન શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળામાં કરવામાં આવ્યું જેમાં પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ અંતર્ગત કસોટી ગુણવતા ચકાસણી રૂપે સેમ્પલિંગ શાળા તરીકે સર્વે અંતર્ગત આજરોજ ધોરણ-૬, ૯ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી. રાષ્ટ્રીય કક્ષાએ યોજવામાં આવતો મોટા પાયાનું શૈક્ષણિક સિદ્ધિ સર્વે છે MOE દ્વારા રાષ્ટ્રના પસંદગીના જિલ્લાઓની પસંદગી શાળાઓમાં વિદ્યાર્થીઓના વિષયોની શૈક્ષણિક સિદ્ધિ જાણવાનું સંશોધાત્મક પ્રયાસ કરવામાં આવે છે આ સર્વેનો મૂળભૂત ઉપદેશ વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાઓના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વિકાસ જાણી શિક્ષણના વિવિધ સ્તરે શૈક્ષણિક ગુણવત્તા બનાવવા માટે ઉપયોગી બને છે. જેમાં જિલ્લા તાલીમ ભવનમાંથી અધિકારી મહેન્દ્ર દુધરેજીયા તથા ફિલ્ડ ઈન્વેસ્ટિગેટર જયોત્સનાબેન પરમાર દ્વારા પરીક્ષા હેન્ડલ કરવામાં આવેલ હતી. જેમાં કોર્ડીનેટર, પ્રિન્સિપાલ તેમજ સ્ટાફ કામગીરીમાં સામેલ રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

### હોમગાર્ડ સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત

## કુંકાવાવ મોટી : હોમગાર્ડ યૂનિટ દ્વારા શકિતધામ ખાતે સફાઈ કાર્ય

### ૨૦ જેટલા હોમગાર્ડ ઉપસ્થિત રહ્યા



તસ્વીર : રાજુ યાદવ – કુંકાવાવ

કુંકવાવ મોટી, તા. ૫

કુંકાવાવ હોમગાર્ડ યૂનીટ દવારા ૬ ડીસેમ્બર હોમગાર્ડ સ્થાપના દીવસની ઉજવણીના ભાગરૂપે કુંકાવાવના મુકતીધામ ખાતે સફાઈ ઉજણવીમાં ભાગ લીધો હતો. આમ હોમગાર્ડ દિવસની ઉજવણી રાજય અને જિલ્લા વિવિધ પ્રકારે ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે કુંકાવાવ હોમગાર્ડ યુનીટના કમાન્ડર જીતેન્દ્રભાઈ દવેના માર્ગદર્શન સાથે યુનીટના ૨૦ જેટલા જવાનોએ આજે મુકતીધામ ખાતે સફાઈ કરીને ઉજવણી કરવામાં આવી હતી.

### ગામ પંચાયતના શાસકો દ્વારા બંધારણની કલમ-૨૧નું ઉલ્લંઘન

## જશવંતગઢ ગામનાં અનુ.જાતી પરિવારને પીવાનાં પાણીનું કનેકશન આપવામાં ઠાગાઠૈયા

### દિલ્હી ખાતે માનવ અધિકાર આયોગમાં ફરિયાદ

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા તાલુકાના જશવંતગઢ ગામના પીવાના પાણીનું કનેકશન દેવા અને સ્ટ્રીટ લાઈટ આપવામાં સરપંચ દ્વારા જ્ઞાતિ -આધારિત ભેદભાવ રાખવાના કિસ્સામાં માનવ અધિકાર આયોગ, દિલ્હીમાં માનવ અધિકાર ભંગની ફરિયાદ દાખલ કરવામાં આવી.અમરેલી તાલુકાના જશવંતગઢ ગામ (ગુજરાત)માં રહેતા પ્રવિણભાઈ નાથાભાઈ પરમાર, અનુસૂચિત જાતિ વર્ગમાંથી આવે છે.

તેઓએ પ્રધાનમંત્રી આવાસ યોજનામા મકાન બનાવ્યું તેને ચાર વર્ષ થયા પરંતુ હજુ સુધી તેઓને ઘેરે પીવાના પાણીનું કનેક્શન મળ્યું નથી અને સ્ટ્રીટ લાઈટની સગવડતા પણ મળેલ નથી.તેઓએ રાજય સરકારના અધિકારીઓ અને ગામના સરપંચ સમક્ષ અસંખ્ય અરજીઓ દાખલ કરી હતી, પણ પરિણામ શુન્ય આવેલ છે. હજુ સુધી સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા પીવાના પાણીનું કનેક્શન અને સ્ટ્રીટ લાઈટની સગવડતા તેઓ મેળવી શક્યા નથી. સ્થાનિક જશવંતગઢ ગ્રામ દ્વારા તેમની અને તેમના પરિવાર સાથે જાતિ આધારિત ભેદભાવના કારણે સુવિધાઓ પુરી પાડવામાં આવતી નથી.જશવંતગઢ ગ્રામ પંચાયતના સરપંચ પીવાના પાણીનું કનેકશન આપતાં નથી જેની સામે તેઓએ કલેકટર કચેરીની બહાર ઊંધા પડી, ચપ્પલ માથે બાંધી, અરજીઓ પાછળ ટીંગાડી, શરીરે ઢસડાઈને આવેદનપત્ર આપવા ગયા હતા.અમરેલી જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા અને તાલુકા વિકાસ અધિકારીને અરજીઓ પણ કરી હતી પરંતુ કોઈ ફાયદો થયો નથી.

હજુ પણ ગામના સરપંચ અશોક માંગરોલિયા દ્વારા પોતાની અવગણના કરવાનું ચાલુ રાખતા હોવાથી તેમની પાસે આ મૂળભૂત જરૂરિયાતો સુધીની પહોંચ શક્ય થઈ નથી.જિલ્લા નાયબ વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ પંચાયતને વારંવાર સત્તાવાર નોટિસ આપવા છતાંય તેઓને પીવાના પાણીનું કનેકશન અને સ્ટ્રીટ લાઈટની સગવડતા આપવામાં આવેલ નથી.જશવંતગઢ ગ્રામ પંચાયતના વડા એ ભારતીય બંધારણની કલમ-૨૧નું ઉલ્લંઘન કર્યું છે.અનુસૂચિત જાતિના ગામના રહીશને પીવાના પાણીનું કનેકશન ન આપી માનવાધિકારનું ઉલ્લંઘન કરેલ છે.

આ માનવ અધિકાર ભંગના એનએચઆરસીએ તાત્કાલિક દખલ કરવી જોઈએ,

આ બાબત અને સ્થાનિક ગામના સરપંચ સામે તાત્કાલિક પગલાં લેવા ભરી હોદા પરથી સસ્પેન્ડ કરવા જોઈએ.એનએચઆરસીને વિનંતી કરવામાં આવેલ છે કે તે આ ગંભીર બાબતને ધ્યાને લે અને જાતિના ભેદભાવનો સામનો કરતીઅનુસૂચિત જાતિની વ્યક્તિના સ્થાનિક ગામના સરપંચ તરફથી માનવ અધિકારોનું ઉલ્લંઘન અટકાવેતેવી માનવ અધિકાર ભંગની પિટિશનમાં માંગણી કરવામાં આવેલ છે.




## સત્તાધારી ભાજપનાં જિલ્લાનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારનો કટાક્ષ

# દારૂ બાબતે લોકો અને મીડિયાએ તો અવાજ ઉઠાવવાનું પણ બંધ કરી દીધું

### અમરેલીનાં ચૂંટાયેલ પ્રતિનિધિઓએ પણ બધી બાબતોમાં શું કામ ચૂપ છે તેવો વેધક પ્રશ્ન ઉપસ્થિત કર્યો

### અમરેલીમાં રેતીની ચોરી બેફામ ચાલી રહી છે તેની સામાન્ય લોકોને પણ ખબર છે

### ભોળા એવા ખાણ–ખનિજ ખાતાનાં અધિકારીઓ અને પોલીસ તંત્રને ખબર નથી

### સત્તાધારી પક્ષનાં આગેવાને તેમની સરકાર તાબાના તંત્રની પોલ ખોલીને અન્ય સત્તાધારીઓ માટે પ્રેરણાદાયી કાર્ય કર્યુ

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારે આજે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ વાયરલ કરીને અમરેલી જિલ્લામાં દારૂ અને રેતી ચોરીનાં દુષણને ઉજાગર કરવાનો હિંમતભેર પ્રયાસ કરીને સત્તા પક્ષનાં અનેક આગેવાનોને પણ સાચું બોલવાની હિંમત મળે તેવું ઉમદ કાર્ય કર્યુ છે.



તેઓએ અમરેલીમાં રેતી ચોરી માટે લેવાતાં પોણા બે કરોડનાં હપ્તાનો વહીવટ અંગેના એક સમાચાર પ્રસિધ્ધ થયા તે સમાચારપત્રનો ફોટા સાથે કરેલ ટવીટમાં જણાવેલ છે કે અમરેલીમાં રેતીની ચોરી બેફામ ચાલી રહી છે તેની સામાન્ય લોકોને પણ ખબર છે પણ ભોળા એવા ખાણ–ખનિજ ખાતાનાં અધિકારીઓ અને પોલીસ તંત્રને ખબર નથી.

દારૂ બાબતમાં અમરેલીનાં લોકોએ અને મીડિયાએ તો અવાજ ઉઠાવવાનું બંધ કરીદીધુંછે. કારણકે કહેવું કોને? અમરેલીનાં ચૂંટાયેલ પ્રતિનિધિઓ પણ આ બધી બાબતોમાં શું કામ ચુપ છે? તેવો વેધક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

ડો. કાનાબારનું ટવીટ સમગ્ર દેશનાં ટોચનાં સત્તા પક્ષનાં આગેવાનો ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુધી પણ પહોંચી ગયું હોય હવે આગામી દિવસોમાં દારૂ, રેતીચોરીની હપ્તાબાજી બંધ થાય છે કે કેમ તેના પર સૌની નજર મંડાયેલી છે.

## જિલ્લામાં પવનચક્કી ઉભી કરવામાં નિયમોનો ઉલાળીયો

# અરેરાટી : જાફરાબાદનાં લોઠપુર નજીક પવનચક્કીનો ટાવર તૂટી પડતાં બે શ્રમિકોના કમકમાટીભર્યા મોત

### સ્થાનિક પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૬

જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામ નજીક વાડી વિસ્તારમાં પવનચક્કીનો ટાવર તુટી પડતા તેની સાથે બે મજૂરો નીચે પડતા બન્ને મજૂરોના કમકમાટી ભર્યા મોત નીપજયા હતા. આ બનાવથી આ પંથકમાં ભારે અરેરાટી ફેલાય જવા પામી છે.

અનુસંધાન પાના ૬ ઉપર







## નૂરી પેટ્રોલપંપનાં નામ એફિડેવીટ સહિતનાં દસ્તાવેજા બનાવ્યા

# અમરેલીનાં રહીમભાઈ રાધનપરાનાં ચાવંડ નજીક આવેલ પેટ્રોલ પંપનાં મેનેજરે ૫૦ લાખની છેતરપીંડી કરી

### જુદી–જુદી ફાયનાન્સ કંપની પાસેથી ધિરાણ મેળવી લીધું

અમરેલી, તા. ૫

લાઠી ગામે સાબરીન ચોક, સંધીવાડામાં રહેતા ગુલામએહમદ દિલારભાઈ જાખરા આરોપીએ અમરેલીના ઘાંચીવાડમાં આવેલ ડુબાણીયા પા વિસ્તારમાં રહેતા રહીમભાઈ જમાલભાઈ રાધનપરાના ચાવંડ ગામે રાજકોટ–ભાવનગર રોડ ઉપર આવેલ નુરી પેટ્રોલપંપમાં મેનેજર તરીકેની નોકરી દરમ્યાન પોતાની અજ્ઞાનતા તથા યાસીનભાઈની ગેરહાજરીનો લાભ લઈ રહીમભાઈની જાણ બહાર નુરી પેટ્રોલપંપના નામે

અનુસંધાન પાના ૬ ઉપર
















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)